MNE/413/2019-21

વાર્ષિક વિશેષાંક

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

9022279684 | Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 14 ● અંક : 01 ● સળંગ અંક : 540 ● મુંબઈ ● શુક્રવાર ● તા.22 જાન્યુઆરી – 28 જાન્યુઆરી 2021 ● પાના : 40 ● કિંમત રૂ.4

A PROJECT BY

Quality Group

Etching names in the history of construction

LUXURY LIVING,
IN THE VERY HEART
OF GHATKOPAR.

**1 & 2 BHK**
STARTING
**@ ₹ 1.35 + Taxes**

Near Possesion

**Amenities**

- Rooftop Sit-Out Area.
- Ample Car Parking Area.
- Grand Entrance Lobby
- Terrace Garden
- Victoria Theme Decorative Entrance, Lift Lobby, Gate, Compound Lights etc.

**5 Min. Walking Distance from Station Nearby Odeon Mall,**

Quality Victoria, Surya Building
Opp. Parasdham, Vallabh Baug Lane,
Ghatkopar (E), Mumbai - 400 077.

**Quality Victoria 9172284473**




MAHARERA NO-P51800022741
HTTP://MAHARERA.MAHAONLINE.GOV.IN

All the amenities, plans and other features shown here by may change subject to approval from the concerned authorities. The sole discretion for any such change lies only with the Developers.

The Byke
A HOTEL RETREAT
EAT GREEN - STAY EVERGREEN


The Byke group Pure Vegetarian Hotels and Resorts

The Byke Heritage
Matheran



The Byke Brightland
Matheran

The Byke Grassfield
Jaipur


The Byke Sunshine Grand
Ooty

The Byke Nature Vilas
Shimla


The Byke Neelkanth
Manali

The Byke Suraj Plaza
Thane


The Byke Studio Apartment
Thane

The Byke Puja Samudra
Kovalam


The Byke Spice Heritage
Kochi

The Byke Signature
Bengaluru


The Byke Old Anchor
Goa

The Byke Suraj Club
Junagadh


The Byke Niranjana
Bodhgaya

For Reservations and Details,
Call +91 8080700999 | +91 22 67079666
Email : reservations@thebyke.com
www.thebyke.com

# વોઈસ ઓફ ઘાટકોપર

## શુક્રવાર તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૧
## પ્રજાસત્તાક દિન તથા વર્ષગાંઠ વિશેષાંક



જતીન કોઠારી

## તંત્રીસ્થાનેથી :
## ઘાટકોપરનો અવાજ બુલંદ કરતું વોઈસ ઓફ ઘાટકોપરનો ૧૪માં વર્ષમાં પ્રવેશ

મુંબઈનું 'હાર્ટ' સમું ઘાટકોપર અને ઘાટકોપરના 'સ્ટેટસ' પ્રમાણેનું સામાહિક એટલે 'વોઈસ ઓફ ઘાટકોપર'. મુંબઈમાં ગુજરાતીઓની અલગ અને અનેરી છાપ ઘાટકોપરના લોકોને લીધે નિર્માણ થઈ છે. તેવું કહીએ તો નવાઈ નહી. અઠવાડિક પ્રકાશિત થતાં સમાચારપત્રો પણ રેગ્યુલર પ્રકાશન કરવામાં અસફળ રહ્યાં છે. ત્યારે વોઈસ ઓફ ઘાટકોપર કોરોના લોકડાઉન સમયે પણ અવિરત પ્રકાશનમાં અગ્રેસર રહ્યું છે. લોકચાહનાના શિખરો સર કરતું વોઈસ ઓફ ઘાટકોપર ભલે અમુક અંકો ફક્ત ડિજીટલ સ્વરૂપે લોકો સુધી પહોંચ્યું પણ વાચકોની નિયમિત વોઈસ ઓફ ઘાટકોપર વાંચવાની નિયમિતતા ન તુટી, કેટલાક પ્રચાર પ્રસાર માધ્યમો અને ન્યુઝપેપરો હજુ ડિજીટલ સ્વરૂપે લોકો સુધી પહોંચવા માટે પણ મહેનત કરી રહ્યા હતાં ત્યારે લગભગ ૬ વર્ષ પહેલાં એટલે કે વર્ષ ૨૦૧૪થી પ્રિન્ટ+ડિજીટલ એડિશન દ્વારા વોઈસ ઓફ ઘાટકોપરએ પગપસારો શરૂ કર્યા હતો. ઘાટકોપરના કાર્યો અને ઘાટકોપરની વાતો વિશ્વભરમાં ફેલાયેલા 'ઘાટકોપર'ના લોકો સુધી પહોંચે તે માટે પ્રિન્ટ અને ડિજીટલ મિડીયા દ્વારા પાંખ વિસ્તારી વોઈસ ઓફ ઘાટકોપર આગળ વધ્યું. 'લોકલ જર્નાલિઝમ'માં તદ્દન અલગ છાપ નિર્માણ કરવાની કપરી પણ મુશ્કેલ જવાબદારી નિભાવવામાં સદા અગ્રેસર રહ્યું. ઘાટકોપર નાનો વિસ્તાર અને ન્યુઝપેપરની ભાષા ગુજરાતી એટલે ફક્ત ગુજરાતી ભાષા લોકોના જ સમાચારો પ્રકાશિત કરવા તેના સ્થાને ઘાટકોપરને હાઈલાઈટ કરતું રહેવું તે વાચકોને પણ ગમ્યું અને આવકારદાયક રહ્યું. ઘાટકોપર સાંસ્કૃતિક નગરી છે અને તેનો ઈતિહાસ અનેરો છે. ન્યુઝપેપરના માધ્યમે ઘાટકોપરની સામાજિક, રાજકિય, આર્થિક વિકાસના સમાચારો પ્રકાશિત કરવા સાથે જરૂરી ફેરફારો અને અનેકવિધ ઘટનાઓના સમાચારો લોકો સુધી અવિરત પહોંચાડવામાં સફળતા મળી. કોઈપણ પરાંનો ઈતિહાસ તેનો વારસો હોય છે. આગામી સમયમાં વોઈસ ઓફ ઘાટકોપરના વાચકો માટે આ સાંસ્કૃતિક નગરીના વારસાના અને ઈતિહાસના ઐતિહાસિક વ્યક્તિઓના જગ્યાઓ અંગે અહેવાલો પ્રકાશિત કરવામાં આવશે. વર્ષ ૨૦૦૮થી વોઈસ ઓફ ઘાટકોપરની ધીમી પણ મક્કમ ગતિની ધારા ઘણા સારાં-નરસાં પ્રસંગોની સાક્ષી પુરી છે અને સમાજનો સાચો આઈનો બનીને ઊભું રહ્યં છે. ઘાટકોપરના વ્યક્તિઓની ખુમારીની વાતો જગવિખ્યાત છે પણ ઘાટકોપર જેને જેને સ્વીકારે છે અને સ્વીકાર્યા બાદ સ્વીકૃતિ આપે છે. તેને માટે સફળતાના શિખરો સર કરવા માટે વાર લાગતી નથી. જો કે વોઈસ ઓફ ઘાટકોપરના તંત્રી તરીકે એટલું જરૂર કહીશ કે ઘાટકોપરએ હંમેશા 'મારા મનની વાત'ને સ્વીકારી અને આવકાર આપ્યો છે. તેનું કારણ છે કે કંઈક નવું અને કંઈક અનોખું નો સદા ઘાટકોપરએ આવકાર કર્યો છે. એક સમયે આ છાપું નવું છે કહેતાં ઘાટકોપરવાસીઓ હવે ગર્વથી કહે છે. આ છાપું ૧૩ વર્ષ જુનું છે. સાંભળીને ગર્વ તો થાય છે પણ જેમ વધતી ઉંમર વધુ જવાબદારીઓ સોંપે છે તેમ લોકોના જાગૃત મંચ તરીકે વોઈસ ઓફ ઘાટકોપર જવાબદારી સમજી એક નવો ચીલો શરૂ કરવા જઈ રહ્યું છે. 'જુનું તે સોનું' આ કહેવત પ્રખ્યાત છે અને લોકોએ ૨૦૨૦ વર્ષમાં જુની યાદો-જુના મિત્રોને યાદ કર્યા છે અને યાદોને વાગોળી છે. ૧૪માં વર્ષમાં આપના ન્યુઝપેપરમાં ઘાટકોપરની જુની યાદોને તાજી કરી ઘાટકોપરની અણમોલ વિરાસતને ફરી વિશ્વ સુધી પહોંચાડવાની ભેખ ધરવાની છે. કહેવાય છે કે આગળ વધવા માટે હંમેશા એક કદમ પાછળ લઈને જો આગળ વધીએ તો જરૂર વધુ ગતિથી આગળ વધી શકીએ.

વોઈસ ઓફ ઘાટકોપરની ૧૩ વર્ષની રસપ્રદ સફરમાં સહયોગ-સાથ-સહકાર આપનાર વાચકો-જાહેરાતદારો-શુભેચ્છકો અને ખાસ કરીને ન્યુઝપેપર વિતરકોનો ખુબ ખુબ આભાર. આગામી સમયમાં પણ ઘાટકોપરવાસીઓનો હૃદયપૂર્વકનો પ્રેમ મળતો રહેશે તેવી આશા સાથે 'વાર્ષિક અંક' આપના હાથમાં મુક્તા ગૌરવ અને હર્ષની લાગણી અનુભવું છું. વર્ષ ૨૦૨૦ જે તકલીફો અને મુશ્કેલીઓ વચ્ચે વીત્યું તેની સામે વર્ષ ૨૦૨૧ લોકોની તમામ મનોકામના પૂર્ણ કરનારું અને સફળતા અપાવનારું રહે તે જ અભ્યર્થના.


ભારત પ્રજાસત્તાક થયાના ૭૨ વર્ષ ઉજવી રહ્યું છે. ભારતના લોકો કોરોના મુક્ત બને, આર્થિક-રાજકીય રીતે વધુને વધુ સમતોલ જળવાઈ રહે, ખેડુતોની સમસ્યાઓ સરકાર સમજે, દેશની અરાજકતામાં ઘટાડો થઈ ભારતના લોકોના હાથમાં ખરા અર્થમાં 'સત્તા' આવે તેવી ભાવનાઓ સાથે પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભેચ્છા.

# સાંસ્કૃતિક નગર ઘાટકોપરનો વારસો અને ગૌરવપૂર્ણ ઈતિહાસ અમુલ્ય સંભારણું છે : પ્રવિણ સોલંકી

## વોઈસ ઓફ ઘાટકોપરના વાર્ષિક અંકથી ઘાટકોપરનાં ઈતિહાસ અને તેને લગતાં ફોટોઝ 'સંભારણા' રૂપે પ્રકાશિત થનાર છે. આ પ્રસંગે લેવાયેલ જાણીતાં સાહિત્યકાર પ્રવિણ સોલંકીની વિશેષ મુલાકાત સમયે તેમણે અનેક યાદો તાજા કરી હતી

કોરોના લોકડાઉન દરમ્યાન સમગ્ર વિશ્વ 'લોક' હતું ત્યારે દરેક વ્યક્તિ વિવિધ કાર્યોમાં વ્યસ્ત રહી સમય પસાર કરવાનો પ્રયત્ન કરી રહી હતી. કોરોનાને લીધે અટકી પડેલ વિશ્વ માટે ભવિષ્યની તમામ યોજનાઓ ધુંધળી થતી લગી ત્યારે દરેકે ભૂતકાળની સોનેરી યાદોની માણવાની જીવવાની અને તેને તાજી કરવાનાં પ્રયત્નો કર્યા હતા. વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા લોકડાઉનનાં સમયમાં કઈ રીતે સમય વિતાવ્યો તે પ્રશ્નના જવાબમાં અનેક લોકોએ પરિવારના મિત્રોનાં જુનાં ફોટો કે આલ્બમ જોઈ યાદો તાજી કરી એમ જણાવ્યું હતું. આ જ થીમ પસંદ કરી વોઈસ ઓફ ઘાટકોપરનાં વાર્ષિક અંકથી ઘાટકોપરનો અમુલ્ય વારસો અને તેની યાદો તાજી કરવા માટે વિવિધ સંસ્થાઓ અને આગેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

જાણીતા સાહિત્યકાર અને ઘાટકોપરનું ઘરેણું કહી શકાય એવા પ્રવિણભાઈ સોલંકીની મુલાકાતમાં તેમણે ખુબ રોમાંચિત થઈ ઘાટકોપરની તેમની સ્મૃતિમાં રહેલ યાદોને વાગોળી હતી. તેમણે જણાવ્યું કે ઘાટકોપર સાંસ્કૃતિક નગરી છે. સમગ્ર મુંબઈમાં ઘાટકોપર સાંસ્કૃતિક વારસા અને રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક કાર્યોને લીધે અલાયદી છાપ ધરાવે છે. પ્રવિણભાઈએ ભૂતકાળનાં



સંસ્મરણો યાદ કરતાં તેઓ જ્યાં હાલમાં રહે છે તે ઘાટકોપર વેસ્ટમાં કામાલેનમાં આવેલ પ્રદિપ નિવાસ જે ૯૦ વર્ષ જુનું મકાન છે. તેના વિશે જણાવ્યું કે આ મકાન અનેક યાદોને સંગ્રહ છે. ઘાટકોપરનાં તે સમયનાં વિધાનસભ્ય વાડીલાલ ચત્રભુજ ગાંધીનો આ બંગલો એક સમયે ઘાટકોપરની રાજકીય ગતિવિધીઓનું કેન્દ્ર હતું. પ્રદિપ નિવાસની બાજુમાં આવેલ મધુ કુંજ ન્યાલચંદ મુલચંદ શેઠ-નવનીતભાઈ શેઠનું નિવાસ સ્થાન હતું. ઘાટકોપરની અનેક ખ્યાતનામ વ્યક્તિઓને પણ તેમણે યાદ કર્યા હતાં. ઘાટકોપરના લોકો ખમીરવંતા છે અને લોકોમાં ''ઘાટકોપરપણું'' એકબીજા પ્રત્યેનો લગાવ અદ્‌ભૂત છે જે ઘાટકોપરને એક તાંતણે બાંધે છે. ભાટીયા જ્ઞાતિનાં કબાલી જેઓને પ્રથમ પ્લેન ઉડાડવામાં સફળતા મળેલ તેઓ ઘાટોકપરવાસી હતાં. ઘરે ઘરે જઈ રૂપિયો-રૂપિયો એકત્ર કરી હિંદી હાયસ્કૂલ બનાવનાર જયરામજીને કેમ ભુલી શકાય.

હરકિશન મહેતા, ચંદુલાલ રોલારકા, ગુણવંત આચાર્ય, વેણીભાઈ પુરોહિત, કુન્દનિકા કાપડિયા જેવાં અનેક પ્રખ્યાત વ્યક્તિઓ ઘાટકોપરનાં રહેવાસી હતાં. ઘાટકોપરની વાત કરીએ તો તબક્કાવાર રીતે ખ્યાતનામ વ્યક્તિઓ વિશે માહિતી આપી શકાય.

સૌ પ્રથમ ટીબીની સારવાર માટે હોસ્પિટલ બનાવનાર કાંતી મગન (પન્નાલાલ સિલ્ક મિલ્કવાળા) મનુભાઈ પી વૈદ્ય, રતીલાલ બેચરદાસ મહેતા, આંખની હોસ્પિટલ બનાવનાર પ્રહલાદભાઈ પટેલ, ઉદય ટોકિઝનાં માલિક ગદ્રેજી વગેરે વગેરે અનેક વ્યક્તિઓએ ઘાટકોપર માટે યોગદાન આપ્યું છે.

બાલકનજી બારી, ઘાટકોપર યુવક સમાજ, નુતન પ્રવૃતિ સંઘ, ઘાટકોપર બ્રાહ્મણ સમાજ જેવી સંસ્થાઓએ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર ઘાટકોપરને ઘણું પ્રદાન કર્યું છે.

વોઈસ ઓફ ઘાટકોપરનાં આગામી અંકોમાં તબક્કાવાર ભૂતકાળનાં સંભારણાને તાજા કરી. ઓલ્ડ ઈઝ ગોલ્ડની અનોખી માહિતી સભર કોલમ વાંચતાં રહેશો.



PRABHAV
SINCE 2000

# HAPPY REPUBLIC DAY

VIVAANT
good living
OPP MANAS RESORT
IGATPURI

Exclusive Republic Day Offer
Valid Till 31st Jan 2021

PRESENTING
VIVAANT GOOD LIVING

## OPP. MANAS RESORT IGATPURI

*Get Assured Rental Income of 7% years

| Configuration | Rera Carpet Sq. Ft. | Rental Income Returns @7% Per year | Price |
|---|---|---|---|
| Studio | 308 | 1,26,000/- | 18,00,000/- |
| Spacious 2 Bed | 530 | 1,96,000/- | 28,00,000/- |
| Bungalow (Ground + 1) | 1438 | 4,80,000/- | 95,00,000/- |

**Vivaant Health Resort**

- Pure Air
- Located At 2200 ft above Sea Level
- Agated community 17 Acres

20+ Amenties

Fully Furnished Apartments with all inclusive of other charges
*Exclusive of Stamp Duty Registration

Loan Approved by SBI bank,Canara bank,Axis bank

Jain Derasar at Project



+91 9222224888 www.vivaant.in sales@vivant.in

Site Address: A Prabhav Manas Project
VIVAANT, Opp Manas Resort, Igatpuri ,NH 3.

MAHARERA NO. P51600005114

Office Address : Prabhav Construction Co.,1501/1502, 15th Floor, Excel Plaza, Pant Nagar, 90 Feet Road, Behind Durga Mata Mandir, Ghatkopar (E), Mumbai - 400 075. • Follow us on

## ગુજરાતી અને જૈનોનું ગૌરવ POORVA HOLIDAYS પ્રસ્તુત કરે છે

ઓફર ફક્ત પ્રથમ 50 વ્યક્તિઓ માટે...

offer valid till 31st jan 2021



# લેહ લદ્દાખ ૨૦૨૧

**એક અદ્ભુત આહ્લાદક અને રોમાંચક પ્રવાસ જૈનોને સંગ...**

POORVA HOLIDAYS
THE NEW CHOICE OF TRAVEL
celebrating 10 YEARS

- બધીજ VVIP સુવિધાઓ સાથે લેહમાં સેન્ટ્રલી હીટીંગવાળી હોટેલમાં આવાસ
- નુબ્રાવેલીમાં ૨ દિવસ Nubra Organic Retreat (premium tent) માં આવાસ
- હાઈફાઈ ગુજરાતી જૈન ભોજન
- ઉકાળેલા પાણી અને ચોવિયાર નીવ્યવસ્થા
- આયંબિલ તપની પણ વ્યવસ્થા પૂર્વા હોલિડેઝ કરી આપશે

આ પ્રસંગ નિમિત્તે...
પ્રસ્તુત કરીએ છીએ નવા પેકેજ...

૬ રાત્રિ/૭ દિવસ
~~52,000/-pp~~
42,000/-pp
+5% GST

૮ રાત્રિ/૯ દિવસ
~~62,000/-pp~~
52,000/-pp
+5% GST

## હોટેલ એકોમોડેશન

Northern Singee



Nubra Organic Retreat



The Kargil



Sheen Resort



## COST INCLUDES

- મુંબઈ લેહ. મુંબઈ એર ટિકિટ • હોટેલ એકોમોડેશન
- સાઇટસીંગ ટેમ્પો ટ્રાવેલમાં • પરમીટ
- ટ્રાવેલમાં ઈન્સયોરન્સ

100% VEG

For more Details contact
TEJAS SHAH
7977628030 9930993825

Shop No. 36, Yudhistir Building, Oppo. N L Garden, N. L Complex, Dahisar(E), Mumbai-68.

# રસીકરણ અભિયાનમાં ભાગ લઈને હેલ્થ વર્કરનું મનોબળ વધારતા સાંસદ મનોજ કોટક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવાર, તા. ૧૬ જાન્યુ.ના કોવિડ ૧૯ના અંતનો આરંભ કરતા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનને લોન્ચ કર્યા બાદ મુંબઈ સહિત દેશભરમાં ફક્ત હેલ્થ વર્કર્સને વેક્સીન આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

આ અભિયાનનાં ભાગરૂપે ઈશાન્ય મુંબઈના સંસદસભ્ય મનોજ કોટકે ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલ કે જે રસીકરણ માટેનું કેન્દ્ર છે તેની મુલાકાત લીધી હતી અને હેલ્થ વર્કસને કોરોના કાળ દરમિયાન અવિરત સેવા આપવા બદલ બિરદાવ્યા હતા તેમજ રાજાવાડી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. વિદ્યા ઠાકુર જેમણે હોસ્પિટલમાં સૌ પ્રથમ વેક્સીન લીધી હતી. તેમને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે સાંસદ મનોજ કોટક સાથે આમદાર પરાગ શાહ, નગરસેવક ભાલચંદ્ર શિરસાટ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી, ભાજપાના ઈ.મું.જી. અધ્યક્ષ અશોક રાય, ઘાટકોપર ઈસ્ટ મંડલ પ્રેસિડન્ટ રવિ પૂંજ તથા કાર્યાલયના અન્ય પદાધિકારીઓ હાજર રહ્યાં હતા.







## રાજાવાડી હોસ્પિટલમાં રસીકરણ માટે જબરો ઉત્સાહ

મુંબઈના મહાનગરપાલિકા અને રાજ્ય સરકારની હોસ્પિટલોમાં પહેલા દિવસે સૌથી વધુ રસીકરણ રાજાવાડી હોપ્સિટલમાં થયું હતું. આ દિવેસ ઘાટકોપર અને મુલુંડના રજિસ્ટર્ડ થયેલા ૫૦૦માંથી ૨૮૯ હેલ્થ વર્કરોએ આ હોસ્પિટલમાં રસીકરણ કરાવ્યું હતું. શનિવારે રાજાવાડીમાં સૌથી પહેલું રસીકરણ રાજાવાડીના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ.વિદ્યા ઠાકુરથી થયું હતું. ત્યાર બાદ મહાનગરપાલિકાના 'એન' વોર્ડના મેડિકલ ઓફિસર ડૉ. મહેન્દ્ર ખંડારેનું રસીકરણ કરવામાં આવ્યું હતું સવારથી જ રાજાવાડી હોસ્પિટલમાં મહાનગરપાલિકાના 'એન' વોર્ડ, 'એસ' વોર્ડ અને 'ટી' વોર્ડના હેલ્થ-વર્કરોની રસીકરણ માટે લાંબી કતારો લાગી ગઈ હતી.ડેપ્યુટી મ્યુનિસ્પિલ કમિશ્નર દેવીદાસ એસ. ક્ષીરસાગરે રાજાવાડી વેક્સિન સેન્ટરની મુલાકાત લીધી હતી. ગુરૂવાર સુધી ૮૩૬ લોકોનો રસી અપાઈ હતી.






**'This is life'**

- Yesha Kotak



This section is in Collaboration with Leo Multiple 3231

# This young nail artist is also an environment lover

When she celebrated her birthday earlier this week, Anerie Kotak, a 10th grade student, planted 16 saplings to commemorate her 16th birthday. These saplings, include a mix of trees, plants and shrubs and were planted at Aarey forest in order to give a message that one needs to plant trees again in the ever growing concrete jungle that Mumbai is. Apart from that, she is also one of the youngest professionally trained nail artist. At the age of 13, she did a certificate course on nail art and has been improving her skills ever since. She also takes professional orders of nail art for brides, among other event orders.





Here are the excerpts of the interview with Anerie:

Yesha: Why is it that you decided to plant saplings on your birthday?

Anerie: Every year on our birthdays, me Andy sister decide on a social cause that we celebrate our birthday with. We have fed orphans and dogs before. We also have a lot of plants at our house. From school also I was once taken for a beach clean-up, which I enjoyed a lot. I wanted to continue something like that, but I couldn't. Considering there was so much being spoken about Aarey and tree cutting, I decided I wanted to plant saplings on my birthday this year. Which is when my sister spoke to a few people and I visited the place on Sunday with my family and friends. We planted close to 21 saplings.

Yesha: Tell us about your passion for nail art...

Anerie: It is actually a passion and a part time, though my mother yells at me sometimes now for doing nail art because I have my boards approaching. But, it started just as a summer hobby, when I went to learn nail art with a friend. Then I started loving it and my skills got better, also everyone kept appreciating how I was so good at it despite being so young. Gradually as I kept getting better, I started taking orders and honing my skills from the other day professionals at Bandra.

Yesha: What kind of nail art do you do?

Anerie: I provide gel extension, polygel, moontip and natural gel nail art as well. People could reach me out and check details about it on my Instagram page - 'Nai_lit' (Anerie K Kotak)

Yesha: What is it about nail art that you like that made you choose this professionally? Considering you are too young to choose a profession?

Anerie: I haven't really decided on a profession, but because everyone started looking at my nails and they looked how neat and attractive they were. Which is when everyone started urging me to practice on their nail and then started giving me orders. Earlier it was just friends and family, then others such as mother's friends started approaching me for weddings and all. That's how I continue it now..


**WAREHOUSE ( BHIWANDI )**

**વેરહાઉસની ખરીદી-ભાડે-વેચાણ માટે**

• જંબો / ડોમ / પીઈબી • આરસીસી ગાલા / ઔદ્યોગિક ગોડાઉન
• પ્લોટ્સ - લેંડ પાર્સલ, ભાડે લાગેલી જગ્યા, પુનર્વિકાસની દરખાસ્તો, મુંબઈ, નવી મુંબઇ, થાણે, કમર્શિયલ પ્લોટ / જમીન.

ખાસ નોંધ : • વેરહાઉસિંગ ઉદ્યોગમાં રસ ધરાવતા વ્યક્તિઓ, રોકાણકારો અથવા ઉદ્યોગપતિઓ/કોર્પોરેટ જૂથ આવકાર્ય છે. અમે એન્ડ–ટુ–એન્ડ સોલ્યુશન્સ આપીશું જેમ કે જમીન અધિગ્રહણ, બાંધકામ, લીઝિંગ અને આઉટરાઈટ વેચાણ. અમે જાણીતી સ્થાપિત ટોચની ઉત્તમ ક્વોલિફાઈડ ટીમ સાથે મળીને કામ કરીએ છીએ. • ઈક્વિટી પાર્ટનર્સ જોઈએ છે, પરંતુ ફાઈનાન્સ/લોન જરૂર નથી.

**પંકજભાઈ શાહ : +91 9867027333**

**સ્થાવર મિલકત સલાહકાર**



**ભારતની બ્રાન્ડેડ**

**કંપનીમાં ભરતી શરૂ. રિટાયર્ડ, ગૃહિણી, VRS, PVT., PSU (12th Pass) પગાર, કમિશન, ફોરેન ટ્રીપ.**

**7208550221**
**9930304998**








**CFA With Mihir**

Chartered Financial Analyst

Level 1 candidates appearing for Aug'21/Nov'21 attempt get in touch

Book Your Seat For The Demo Lectures Now !!!

**About The Professor**

- CA (All India 38th rank in CA final)
- CFA level 3 candidate
- Working in the finance field

**About The Coaching**

- 2 Demo Lectures
- Practical Approach To Teaching, Linking The Concepts With Real World Examples
- Weekly Revision And Tests
- Assistance To Students With Study Plans

**For further queries and assistance, get in touch on 9833023467**




RAJSHREE™
BUILDERS
Building A Future Into Every Home

www.rajshreebuilders.com





BRAHMA KUMARIS
YOG BHAVAN

Co-ordinating Office
Bhaveshwar Building No. 3, Bhaveshwar Nagar, Off M. G. Road, Above HDFC Bank, Ghatkopar (E), Mumbai-400 077.
Tel.: 022-21029700, +919987411551
Email : bkyogbhavan@gmail.com, info@yogbhavan.org
Web.: www.yogbhavan.org

Sub Zone Center
23/24, Shankar Chhaya, 19 M.G.Road, Ghatkopar (E), Mumbai - 400 077

World Headquarters
Pandav Bhavan, 'Dadi Prakashmani Marg' Mount Abu Rajasthan - 307501 India

Brahmakumaris is a Non-Governmental Organisation in general consultative status with the Economic and Social Council of the United Nations, in consultative status with UNICEF and affiliated to the UN Department of Public Information

Founded in 1937
Over 4500 branches worldwide

Member of Central Ministry Of AAYUSH, Government of India.

## શુભેચ્છા સંદેશ



મંગળવાર, 19 જાન્યુઆરી 2021

ઓમ શાંતિ

વર્ષ ૨૦૨૦ સમગ્ર વિશ્વ માટે એક પડકારજનક વર્ષ રહ્યું છે એ તો આપણે સહુ જાણીએ જ છીએ. પરંતુ 'કોરોના' જેવી જીવલેણ મહામારી વચ્ચે પણ પોતાના વ્હાલા વાંચકો માટે સતત નવી-નવી ખબરો ને જીવ ના જોખમે પોહોંચાળવી તેનું નામ 'જતીન કોઠારી'.

'વાર્તા કરે તે વાર્તાકાર અને વિચાર કરવા માટે પ્રેરિત કરે તે પત્રકાર'. સતત 13 વર્ષ થી મુંબઈ.ઘાટકોપર ઉપનગર ના લોકો નો અવાજ બનીને એમને નગર ની રજે રજ ની માહિતી નવા ઉમંગ અને ઉત્સાહ સાથે આપતા રહેવી એ કાબિલે દાદ માગી લે છે. એને માટે જતીનભાઈ અને સમસ્ત 'વોઈસ ઓફ ઘાટકોપર' ની ટીમ ને પરમાત્મ આશિષ અને અભિનંદન. આમજ આગળ વધતા રહો અને પ્રગતિ કરતા રહો. ઓમ શાંતિ.

માનવતા ની સેવામાં

*રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ*

બ્રહ્માકુમારીઝ

*(રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ જી આંતરરાષ્ટ્રીય વક્તા , આધ્યાત્મિક શિક્ષા વિશ્લેષક-લેખક એવમ એક અનુભવી મેડીટેશન શિક્ષક નાં રૂપ માં પ્રસિદ્ધ છે. આજ સુધીમાં ભારતમાં તેમજ વિદેશમાં તેમના દ્વારા લખાયેલી ૫૦૦૦ કરતાંય વધારે કોલમ ૪ ભાષાઓમાં વિવિધ અખબારો અને સામયિકોમાં પ્રકાશિત થઇ ચુકી છે.)*






110 Billion Beating Hearts
1 Thoughts
"INDIA"
26 Jan
HAPPY REPUBLIC DAY
Happy
72nd Republic Day
Wishing Many Congratulations
to Team Voice of Ghatkopar
for Completing 13 Glorious Years...
PGD GROUP™
we build trust | since 1960

# લોહાણા બંધુ મંડળ સંચાલિત શ્રી જલારામ મંદિર ભટ્ટવાડી : જય જલારામના નાદથી ગુંજતું ઘાટકોપરનું અનોખું શ્રધ્ધાસ્થાન







સંત શિરોમણિ પૂ.શ્રી જલારામ બાપાની સુંદર મૂર્તિ બર્વેનગર ભટ્ટવાડી ઘાટકોપર વેસ્ટમાં બિરાજમાન છે. અનેક જલારામ બાપાના ભક્તો માટે મુંબઈમાં વીરપુરની પ્રતિતી કરાવતું આ મંદિરની સ્થાપના-પ્રાણ પ્રતિષ્ઠા વર્ષ ૧૯૯૨માં થઈ અને ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં જીર્ણોધ્ધાર થયો. લોહાણા બંધુ મંડળ સંચાલિત આ જલારામ મંદિર અંગે માહિતી આપતાં રમેશભાઈ દાવડાએ જણાવ્યું કે અહીં દર વર્ષે યાત્રાળુઓ અને દર્શનાર્થીઓનો પ્રવાહ વધતો જ જાય છે.


સંવત ૨૦૪૮ કારતક સુદ ૭, શ્રી જલારામ જયંતીના શુભ દિવસે. મધ્ય મુંબઈના ઘાટકોપર (વેસ્ટ) બર્વેનગર ભટ્ટવાડી વિસ્તારમાં પૂ.શ્રી જલારામબાપાના શિખરબંધ મંદિરનું નિર્માણ થયું હતું. આ પવિત્ર ધામમાં શ્રી જલારામબાપાની સુંદર મૂર્તિ સાથે શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી, શ્રી દરિયાલાલ અને શ્રી અંબેમાઁની મૂર્તિની શાસ્ત્રોક્ત વિધિથી સંત શ્રી વાલદાસજી મહારાજ (ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજ)ના શુભ હસ્તે 'પ્રાણ પ્રતિષ્ઠા' અતિ ઉત્સાહથી કરવામાં આવી હતી.

પૂજનીય વીરબાઈ માતાની મૂર્તિની 'પ્રાણ પ્રતિષ્ઠા' સંત શ્રી હરિદાસજી મહારાજ (ગુરૂ શ્રી વાલરામજી મહારાજ)ના કરકમળો દ્વારા ૨૬મી જાન્યુઆરી ૧૯૯૫ના શુભ દિવસે શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવી હતી. દર્શનાર્થે આવતા ભાવિક ભક્તો માટે દર ૧૫ દિવસે ગુરૂવારની સાંજની આરતી પછી ભંડારા-મહાપ્રસાદનો આયોજન કરવામાં આવે છે. ભાવિક ભક્તો કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વગર બાપાના દર્શન કરે છે અને સાથે મળી મહાપ્રસાદનો અનેરો લાભ લે છે. આ મંદિરની માહિતી જેમ જેમ લોકોને મળતી થઈ તેમ તેમ દર્શનાર્થે યાત્રાળુ અને ભક્તોની ભીડ અહિં દર ગુરૂવારે વાતાવરણ ભક્તિમય બની જાય છે.

શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી મંદિરનો સુંદર હોલ બાંધવામાં આવેલ છે. આ હોલ મંદિરની ધાર્મિક પ્રવૃત્તિ તેમ જ સામાજિક કાર્ય અર્થે બાંધવામાં આવેલ છે. હાલમાં પવિત્ર ચૈત્ર માસમાં તા.૨૦-૩-૨૦૦૭ના (ચૈત્રીબીજ) શ્રી ઝુલેલાલ જયંતિના શુભ અવસરે પરમહંસ ગુરૂ શ્રી રણછોડદાસજી મહારાજ પ.પૂ.સદ્ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજ અને પ.પૂ.સદ્ગુરૂક્ષી વાલરામજી મહારાજની મૂર્તિઓનું શાસ્ત્રોક્ત વિધિથી સંત શ્રી હરિદાસજી મહારાજ (ગુરૂ શ્રી વાલરામજી મહારાજ)ના શુભ હસ્તે 'ભાવ પ્રતિષ્ઠા' કરવામાં આવી હતી.

શ્રી જલારામબાપાના દર્શન માત્રથી સર્વ દુઃખ દૂર થાય છે. નિયમિત દર્શનનો લાભ લો.








# "મારા હૃદયના ધબકારા વધી જાય છે-પેનિક ડિસઓર્ડર"



ડૉ. મણિલાલ ગડા
સીનીયર મનોચિકિત્સક



ડૉ. દિપ્તી શાહ (ગડા)
બાળ મનોચિકિત્સક

આપણે આગળના લેખમાં જાણ્યું કે ૪૮ વર્ષના દર્દીમાં હૃદયના ધબકારા વારંવાર વધી જતા હતા. છાતીમાં દુ:ખાવો થતો હતો. પરસેવો ખૂબ થતો હતો. મુંઝારો થતો હતો, હમણાં જ કાંઈ થઈ જશે એમ લાગતું હતું. વારંવાર કરેલી શારીરિક તપાસ (કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, ૨ડી ઈકો વગેરે) બધીજ નોરમલ હતી. આ એકે પેનિક ડિસઓર્ડરનો કેસ હતો. પેનિક ડીસઓર્ડરની સારવાર કરતાં ઉપરોક્ત લક્ષણો (વારંવાર હૃદયના ધબકારા, છાતીમાં દુ:ખાવો મુંઝારો વગેરે) દૂર થયા.

આ લેખમાં પેનિક ડિસઓર્ડર વિશે વૈજ્ઞાનિક માહિતી મેળવીએ.

વ્યાખ્યા :

વિશ્વ આરોગ્ય સંસ્થાએ (World Health Organigation-W.H.O.)આવા વારંવારના હૃદયના ધબકારાની બીમારી પેનિક ડિસઓર્ડરને તનાવજનક (Stress Related) માનસિક રોગમાં વર્ણન કર્યું છે.

પેનિક ડિસઓર્ડરના મુખ્ય લક્ષણો નીચે પ્રમાણે છે.

૧) હૃદયના ધબકારાઓ ઓચિંતા, અચાનક, અણધાર્યા આવે છે.

૨) ધબકારાની માત્રા તીવ્ર હોય છે.

૩) ધબકારા ટૂંક સમય માટે થાય છે (Short Lasting) મોટા ભાગના ધબકારાઓ ૩૦ મિનિટથી ઓછા સમય માટે ચાલે છે. (Self limiting)

૪) ધબકારાઓ વારંવાર (એકથી વધારે વખત) આવે છે.

૫) લક્ષણોમાં હૃદયના ધબકારા વધી જાય છે. છાતીમાં દુ:ખાવો ઉપડે છે, ખૂબ જ પરસેવો થાય છે. (પરસેવાથી રેબઝેબ થઈ જવાય છે.) શ્વાસ રૂંધાય છે. મુંઝવણ થાય છે. હમણાં જ કાંઈક થઈ જશે. હું મરી જઈશ એવું દર્દીને લાગ્યા કરે છે. ચક્કર આવે છે.

૬) સારવાર વગર પણ ધબકારાઓ થોડા સમયમાં નોરમલ થઈ જાય છે. પરંતુ ફરીથી ધબકારા વધી જાય છે.

૭) 'હાર્ટ એટેક આવ્યો છે.' 'આ ગંભીર સિરીયલ બીમારી છે''હમણાં જ મરી જવાશે' એવું દર્દીને લાગે છે આ ભયની લાગણીથી વધુ નર્વશ થવાય છે.

૮) ધબકારા વધી જાય ત્યારે તથા વચ્ચેના સમયમાં શારીરિક તપાસ તથા લેબોરેટરી તપાસ, કાર્ડિયોગ્રામ, એન્જીયોગ્રાફી, ૨ ડી ઈકો બધું જ નોરમલ આવે છે. સિવાય કે ધબકારા વધારે હોય છે.

વ્યાપ અને વિસ્તાર :

અ) સામાન્ય વસ્તીના ૨% લોકોમાં પેનિક ડિસઓર્ડરની બીમારી જોવા મળે છે.

બ) સર્વેક્ષણ દ્વારા તારણ કરવામાં આવ્યું છે કે કોઈપણ એક સમયે ભારતનાં બે કરોડથી વધુ લોકોમાં આ બીમારી જોવા મળે છે.

ક) પેનિક ડિસઓર્ડરની બીમારીને લીધે કામ-ધંધા પર અનિયમિત જવાથી નાણાંકિય નુકશાન થાય છે.

ડ) કૌટુંબિક અને સામાજિક પ્રસંગોમાં હાજરી નહીં આપી શકવાથી દ્રષ્ટિએ ઉણા ઉતરાય છે.

ઈ) સારવાર ન થાય તો પેનિક ડિસઓર્ડરથી હતાશાની બીમારી તથા તેની નકારાત્મક અસર તબિયત પર થાય છે.

આગળનાં લેખમાં વર્ણવેલ કેસમાં (નવીનભાઈનો કેસ) નાણાંકીય, સામાજિક તથા કૌટુંબિક નકારાત્મક અસરો પેનિક ડિસઓર્ડરને લીધે થયેલ.

કારણો :

૧) અનુવાંશિક (વારસાગત) કારણો : પેનિક ડિસઓર્ડરએ વારસાગત રોગ છે. પેનિક ડિસઓર્ડરના દર્દીના ભાઈ-બહેન, મા-બાપ કે દર્દીના સંતાનોમાં પેનિક ડિસઓર્ડર રોગ હોવાની તથા રોગ થવાની શક્યતા વધી છે. લોહીનો સંબંધ ધરાવતા પરિવારજનોમાં રોગનું પ્રમાણ વધારે હોય છે.

૨) મનના અવયવોમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમીટર્સ (રાસાયણીક) ફેરફારો : છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે પેનિક ડિસઓર્ડરની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના રસાયણો (ન્યુરોટ્રાન્સમીટર્સ) તથા કાર્યશક્તિમાં નકારાત્મક ફેરફારો થાય છે.

પ્રીફ્રન્ટલ કોરટેક્ષમાં થતા નકારાત્મક ફેરફારોને લીધે મુંઝારો થાય છે. ડર લાગે છે. નર્વસ થવાય છે. ચિંતાગ્રસ્ત રહેવાય છે.

થેલામસ, હીપોકેમ્પસ, બ્રેઈન સ્ટેમ, હાઈપોથેલામસમાં થતાં નકારાત્મક ફેરફારોને લીધે ધબકારા વધી જાય છે. ચક્કર આવે છે, શ્વાસ રૂંધાય છે, ખૂબ પરસેવો થાય છે.

૩) વ્યક્તિત્વના ગુણદોષ (Personality) : વ્યક્તિના સ્વભાવના ગુણદોષ પેનિક ડિસઓર્ડરમાં મહત્વનું ઘટક છે.

૧) ભાવનાત્મક લાગણીશીલ સ્વભાવ, ૨) નિરાશાજનક લાગણીઓ/ભાવનાને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ, ૩) યોગ્ય સમયે 'ના' કહેવાની અમર્થતા, ૪) વાસ્તવમાં હોય તેના કરતા વધારે અપેક્ષાઓ, ૫) અસમાધાનકારક જીદ્દી વલણ, ૬) અન્યો જોડે. અયોગ્ય સરખામણીનું વલણ વ્યક્તિને પેનિક ડિસઓર્ડરની બીમારી તરફ ધકેલે છે.

૪) અણગમતી/નકારાત્મક સામાજિક ઘટનાઓ : અણગમતા કે નકારાત્મક પ્રસંગો પેનિક ડિસઓર્ડરની બીમારીને પ્રદર્શિક કરે છે. ૧) અંગત સ્વજનનું અકાળ કે આકસ્મિક મૃત્યુ અથવા ગંભીર બીમારી, ૨) માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ, ૩) પ્રિય પાત્ર સાથે કટુતા, અણબનાવ કે ઝઘડો, ૪) અપેક્ષિત સફળતા ન મળવી, ૫) દિકરા કે દિકરીઓને અપેક્ષિત સફળતા ન મળવી વગેરે પ્રસંગોને લીધે આ બીમારી થવાની શક્યતા વધી જાય છે.

અનુવાંશિક તથા મનના અવયવોના ફેરફારો વ્યક્તિને પેનિક ડિસઓર્ડરની બિમારી તરફ દોરે છે. વ્યક્તિત્વના ગુણદોષથી બીમારી થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. અણગમતી સામાજિક ઘટનાઓ વ્યક્તિને પેનિક ડિસઓર્ડરની બીમારી લાવે છે.

લક્ષણો :

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અમેરિકન સાઈકિયાટ્રીક એસોસીએશને પેનિક ડિસઓર્ડરની બીમારીના નીતે પ્રમાણેના લક્ષણો વર્ણવ્યા છે.

૧) ગભરામણ થવી/હૃદયના ધબકારા વધી જવા, ૨) છાતીમાં દુ:ખાવો કે મુંઝારો થવો, ૩) પરસેવે રેબઝેબ થવું/ખૂબ પસીનો થવો, ૪) શ્વાસ લેવામાં તકલીપ થવી, ૫) હમણાં કંઈક થઈ જશે/મરી જઈશ એવી લાગણી અનુભવવી, ૬) ચક્કર આવવા/પડી જઈશ એવો ડર લાગવો, ૭) ઉબકા આવવા/પેટમાં અજબની લાગણી થવી, ૮) ધ્રૂજારી થવી, ૯) હાથ, પગ કે શરીરમાં ઝણઝણાટી થવી, ૧૦) હાથ, પગ કે શરીર ઠંડુ પડવું, ૧૧) ન સમજાય એવી લાગણી/પાગલ થઈ જઈશ એવો ડર. ૧૨) શ્વાસ રૂંધાવો, ૧૩) ગળે ડૂમો ભરાવો.

પેનિક ડિસઓર્ડર બીમારીની સારવાર વિષે હવે પછીના લેખમાં જાણકારી મેળવશું.

(ક્રમશ)



# Happy Republic Day

26 JANUARY

આપ સૌને પ્રજાસત્તાક દિને
## હાર્દિક શુભકામના

૧૪માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
વોઈસ ઓફ ઘાટકોપર ને
## હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક : રાજેશ ઠક્કર



Rajesh Thakkar
8291713970

Aditya Thakkar
9619970777

NBC™

## NUT BOLT Centre™

Since 1989

| | | |
|---|---|---|
| Mfg. & Wholesellers of | : | All Types of Bolt, Nut, Washer |
| Specialist In | : | Foundation Bolt & Big size Bolt |
| Approved | : | Government Supplier |
| Authorised Distributor | : | TiE MARK FASTENERS |

1, Shankar Apartment, Near Hari Niwas Circle, L. B. S. Marg, Opp. Axis Bank,
Thane (W.), 602. Tel.: 25408101 / 25401098 Email: nutboltcentre@gmail.com
Website : www.nutboltcentre.com



## પોતાના બનાવેલા પિંજરામાંથી બહાર નીકળો ત્યારે મળશે સાચી સ્વતંત્રતા

- રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

આ એક જાણીતી હકીકત છે કે ભારત દેશની સ્વતંત્રતા ચળવળમાં હજારો જાણીતા અને અજ્ઞાત વીરો ને વીરાંગનાઓ ના નિસ્વાર્થ બલિદાન બાદ મળેલી સ્વતંત્રતા ના સાત દાયકા પૂર્ણ થયા બાદ લોકોના ઠંડા પડેલા જોશ ને જોઇને એવું પ્રતીત થઇ રહ્યું છે જાણે કે એમને માટે આઝાદી વૃદ્ધ બની ગઈ છે. અને માટેજ આજે આપણે એવું જોઈ રહ્યા છીએ કે તિરંગો ઝંડો ફરકાવવો અને ભારત માતા ની જય ના નારા લગાવવા એ હવે માત્ર એક ઔપચારિકતા બની ગઈ છે, જ્યાં બધા પોહોંચતા પણ નથી. નવી પેઢીની આઝાદીને જોઈને તો મનમાં ક્યારેક એવો વિચાર પણ આવી જાય છે કે કદાચ જ આ દેશ ક્યારે ગુલામ બન્યો હશે. ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે ભારત દેશે આઝાદીના સાત દાયકા બાદ ઘણું મેળવ્યું પણ છે તો ઘણું બધું ગુમાવ્યું પણ છે. આટલા વર્ષોમાં આપણને અધિકારોની સ્વતંત્રતા તો મળી પરંતુ એની સાથે સાથે સ્વચ્છંદતા પણ વધતી ગઈ જેની ઉપર નિયંત્રણ રાખવું જરૂરી હતું. તો શું આપણે કેવળ સ્વચ્છંદતા ની ઈચ્છા રાખેલી કે પછી સાચી સ્વતંત્રતા ની ? નિઃશંકપણે આ વાત થી કોઈપણ અસહમત નહીં હોય કે આજ સ્વાતંત્ર્ય માટેની તીવ્ર ઉત્કંઠા ને કારણે આપણે વર્ષોવર્ષ ઉગ્ર વિરોધ પ્રદર્શનો, સંઘર્ષ, ક્રાંતિ, નાગરિક યુદ્ધો તેમજ વિશ્વ યુદ્ધ સુદ્ધા ની શરૂઆત કરી દીધી, તેમ છતાં આ આપણું કેવું દુર્ભાગ્ય છે કે આટલા ભારે સંઘર્ષ અને બલિદાન આપ્યા પછી પણ એક મુક્ત સમાજ ની વચ્ચે ઘણા વર્ષો રહ્યા બાદ પણ આપણામાંથી મોટાભાગના લોકો હજુ પણ પોતાના સ્વાતંત્ર્ય માટેની લડાઈ લડી રહ્યા છે . સાંભળવામાં ઘણું વિચિત્ર લાગે એવી આ વાત છે , કારણકે ઇતિહાસના પુસ્તકો મુજબ તો વર્ષ ૧૯૪૭ માં ભારત ને સંપૂર્ણ સ્વતંત્ર દેશ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો , તો પછી આજે કઇ વાત માટેનો સ્વતંત્રતા સંઘર્ષ? શું હજુ પણ આપણી ઉપર કોઈક બીજાનું રાજ્ય છે ? કદાચ હાં! આજનો માનવ કામ.ક્રોધ,મોહ,લોભ,અહંકાર ને વશ થઈ સ્વચ્છંદી બનીને બીજાની સ્વતંત્રતા ને હાની પોહોંચાડી રહ્યો છે. આઝાદ મુલ્કમાં રહેવા છતાં તે પોતાના માનોવીકારોમાંથી સ્વયમ ને મુક્ત કરી નથી શકતો. વાસ્તવમાં આ જ તો સૌથી મોટી પરતંત્રતા છે.જી હાં! આજે આ પરતંત્રતા ને હટાવીને સાચી સ્વતંત્રતા નો દિવસ ઉજવવાની આવશ્યકતા છે. જરા વિચાર કરી જુઓ કે પાંચ-છ ફૂટનો માણસ ગુલામ છે ત્રણ ઈંચની બીડી-સિગારેટનો, તંબાકુનો,દારૂનો,ગંદા સિનેમા વગેરે નો. પીંજરામાં ફફડતા પંખી ની જેમ વિકારોમાં ફસાયેલા માણસને સ્વતંત્રતા નો અનુભવ કઈ રીતે થાય? અહંકારના દલદલમાં જકડાયેલા માણસને સ્વતંત્રતા નો અહેસાસ ક્યાંથી થાય ? ૨૫ વર્ષની આયુ સુધી બ્રહ્મચર્ય અને યોગ ની શિક્ષા પ્રથામાં માનનાર આ પ્રાચીન ભારત દેશમાં આજે જાતીય શિક્ષણ આપવા માટેની જરૂરિયાત અનુભવાય રહી છે. શાં માટે નવી પેઢીને અમુક ઉમર સુધી બ્રહ્મચર્ય ની શિક્ષા આપવામાં નથી આવતી,જેથી તેમને ઉંધા રસ્તે ચડવાથી બચાવી શકાય. સ્વતંત્રતા મળ્યા બાદ પણ શાં માટે આજે વિવેકાનંદ કે ભગત સિંહ જેવી સંતાનો પેદા નથી થતી? અંગ્રેજો તો આ દેશના બે ટુકડા કરીને જતા રહ્યા પણ આજે આટલા વર્ષો બાદ પણ આપણે ધાર્મિક,રાજનૈતિક અને ભાષાગત રૂપે શાં માટે એક નથી થઇ શક્યા ? આનાથી શરમજનક વાત શું હોય શકે કે આજે ભારતમાં અનેક સ્થાનો ઉપર રાષ્ટ્રગીત,વંદે માતરમ અથવા સરસ્વતી વંદના નો પણ અમુક બુદ્ધિજીવીઓ દ્વારા વિરોધ કરવામાં આવે છે.

ઘણા લોકોનું માનવું એમ છે કે સાચી મુક્તિ મેળવવી એ તો નિર્વાણ વગર શક્ય જ નથી,પરંતુ એવું બિલકુલ નથી , કારણકે નિર્વાણ અથવા તો મુક્તિ ની અવસ્થામાં તો આત્મા આ ભૌતિક જગત થી ઉપર રહીને તમામ બંધનો થી મુક્ત સ્થિતિમા રહે છે અને ના તે પોતાના સારા કર્મોના ફળ ની અનુભૂતિ કરી શકે છે . એની સરખામણીએ જીવનમાં રહીને જ મુક્તિ નો અનુભવ કરવો અર્થાત શરીર માં જ રહીને માનવ જીવનના ઉચ્ચ સ્તરીય આનંદ ને માણવો , એટલે કે મુક્ત લોકો ની સાથે સાથે મુક્ત દુનિયા મા જીવવું, પરંતુ એક આદર્શ કુટુંબ, આદર્શ સમાજ અને પ્રકૃતિ ના શુદ્ધ તત્વોની મર્યાદામાં રહીને જીવવું , એનો આનંદ કંઈ અનેરો જ છે. હવે એ તો સંપૂર્ણપણે આપણી ઉપર નિર્ભર કરે છે કે આપણે પોતે બનાવેલા પાંજરામાં રહીને બંધનયુક્ત જીવન જીવવાનું પસંદ કરીએ છીએ કે પછી ખુલ્લા આકાશ મા ઉડતા પક્ષી બનીને જીવન મુક્ત અવસ્થામાં જીવવાનું પસંદ કરીએ છીએ ?

## શબ્દોનું સ્પંદન — જેની જેવી જેટલી સમજ કે પરખ



પ્રા. બિંદુ મહેતા

આ વિશ્વ સ્થૂળથી સૂક્ષ્મ સુધી અનેક સ્તરો અને ક્ષેત્રોમાં વહેચાયેલું છે જેની જેવી જેટલી સમજ કે પરખ શક્તિ હોય તેવું તેને જગત લગે. આપણે જુદી જુદી વિચારસરણી મનોવલણો, દ્રષ્ટિકોણ ધરાવનારા લોકો વચ્ચે જીવીએ છીએ. દરેક ક્ષેત્રમાં સમજણ કે પરખના જુદા જુદા સ્તરો હોય છે. દરેક સ્તર પર દુદી જ સમજ હોય છે. તેને સમજણ ફેર કહેવાય છે. સ્થૂળ સમજથી સૂક્ષ્મ સમજ તરફ માનવીએ વળવાનું હોય છે. મોટા ભાગના લોકો વચ્ચે જે મતમતાતર હોય છે તે સમજણ ફેર મનોવલણ ને દ્રષ્ટિ બિંદુમાં ફેર ને કારણે હોય છે ને તે પ્રમાણે તે તેની સામે આવતી વ્યક્તિ કે વસ્તુનું અર્થઘટન કરે છે. અંહિ એક વાત ટાંકુ છું. એક ગરીબ મજુરે એક સંત મહાત્માની ખૂબ સેવા કરી મહાત્માએ તેને એક ચળકતો પથ્થર આપી તેને કહ્યું તું આ લે તેને કામ આવશે. મજૂર તો તે પથ્થર લઈ મોચી પાસે ગયો તેણે કહ્યું કે મને આની જરૂર નથી. પણ પણ તું લાવ્યો છે તો ૧૦ રૂા. આપીશ મજૂરને થયું દસ રૂપિયામાં મારું શું થવાનું છે. લાવ બીજાને પુછું તે તો દરજી પાસે ગયો દરજી એ કહ્યું મારે આનું કાંઈ કામ નથી પણ હું તને ૫૦ રૂા. આપીશ. મજુરને થયું લાવ બીજાને પુછું તે કાપડાના વેપારી પાસે ગયો તેણે કહ્યું ૨૫૦ રૂા. આપીશ તે પુછતો પુછતો ઝવેરીની દુકાને ગયો તે તો પથ્થરને જોઈ આવાચક જ થઈ ગયો તેણે તે મજૂરને કહ્યું આ તો ખૂબજ કિંમતી પથ્થર છે આની જેટલી કિંમત થાય તેટલા પૈસા તો મારી પાસે નથી તું એક કામ કર હું તને આ પથ્થરના અત્યારે લાખ રૂપિયા આપું છું. પછી આ પથ્થર વેંચારો હું ૧૦ ટકા પૈસા મારી પાસે રાખીશ ને બાકીના બધા હું તને આપીશ થોડા જ દિવસમાં ઝવેરીએ કહ્યું એ પથ્થર વેંચાઈ ગયા ને તેણે સવા કરોડ રૂપિયા મજૂરને આપ્યા. મજૂર તો ન્યાલ ન્યાલ થઈ ગયો. આ વિશ્વમાં અનેક જીવો માનવીઓ અને અનેક શક્તિ અને ખુબીઓથી ભરેલી કુદરત છે. કુદરત અને મનુષ્યના શક્તિથી અનેક ઉપયોગી વસ્તુઓનું સર્જન થાય છે જે વસ્તુઓના કિંમત અને તેની જરૂરિયાત માત્રને માત્ર માનવની સમજ અને પરખ શક્તિ નક્કી કરે છે. કુદરત અને અન્ય જીવોનું મહત્વ કિંમત માનવ જ આંકી શકે છે. પ્રથમ માનવનું ઘડતર સમાજમાં માનવ દ્વારા જ થાય છે અને વસ્તુઓના બનાવટ માનવ અને માનવે બનાવેલા મશીનથી જ થાય છે. દરેક માનવમાં એક સુષુપ્ત શક્તિ હોય છે તે શક્તિને વિકસાવવાના જેટલી તક મળે છે. તેટલો તેનો વિકાસને વૃધ્ધિ થાય છે તક એટલે વ્યક્તિની શક્તિને પારખી સમજી તેને તેનો ઉપયોગ કરવાનો મોકો મળવો દરેક દરેક વ્યક્તિનું એક સામાજિક વાતાવરણ હોય છે. તેમાં જુદી જુદી સમજ ને પરખ શક્તિ ધરાવનારા લોકો સામે જાવ છો તે પ્રમાણે તમારું અવમુલ્યાંકન થયું છે. અપમાન અવગણના થાય છે ત્યારે જરા પણ નાસીપાસ થયા વગર તમારે તમારું કાર્ય આગળ વધારવું જોઈએ એક મજૂર જે રીતે પથ્થર લઈ મોચાંથી ઝવેરી સુધી પહોંચ્યો તેમ ધીરજ અને સમતા રાખી તમારી શક્તિને સમજી પારખી તમારી આવડત હોંશિયારી લાયકાતોને સદ્ઉપયોગ કરી તમારી ગણના કરશે તમને તેનું વળતર મળશે. જ્યાં સુધી સમય સંજોગો તમારી તરફેણમાં ન હોય ત્યાં સુધી તમને યોગ્ય વળતર મળતું નથી. આજે આપણને જે માહોલ મળ્યો હોય તેમાં આપણને સાચા રીતે સમજનાર પારખું વ્યક્તિ મળે ત્યારે વ્યક્તિ પોતાના રૂચી પ્રમાણે કાર્ય કરી શકે અને તે વખતે તેને કોઈપણ કાર્યનો ભાર ન લાગે પરંતુ કામમાં આનંદ આવે સંતોષ મળે અને જીવન હળવું ફુલ બની જાય વ્યક્તિમાં અનેક ઘણા સુષુપ્ત શક્તિઓ ભરેલી છે જે શક્તિ પરખાય તે શક્તિ વિકસે ને લોકોને તેની જાણ થાય તેનો ઉપયોગ થાય. જ્યાં સુધી અનેક ઘણી શક્તિ ને કોઈ સમજે નહીં તે શક્તિને કષ્ટ લાગી જાય તે નકામી થઈ જાય. દરેક વ્યક્તિને પોતાનામાં રહેલા શક્તિ માટે જાગૃત રહેવું જોઈએ અને માત્ર બીજાના અભિપ્રાય ને આધારે પોતા માટેનું મંતવ્ય ન બાંધવું જોઈએ.

## માપીંડુઝી (બળવો) (ભાગ : ૬)

૨૮મા પાનાથી ચાલુ

પૂજા ટોપરાણીની કલમે..... આવતા અંકથી શરૂ થઈ રહી છે....
માતા અને પુત્રના પ્રેમને ઉજાગર કરતી અને સંબંધોના તાણાવાણાને સ્નેહથી ગુંથતી એક સ્ત્રીની કથા...તું જ મારી યશોદા

આખો દિવસ રસોડામાં રહી બધાના કામમાં મદદ કરે અને સાંજના ફૂરસદના સમયે તેઓ સાથે અંતકડી રમે! રસુ અને મીનાને તો જલસો પડી ગયો કારણકે તેઓની દરેક માંગ પૂરી થતી. ભાભાની ગેરહાજરી તો ભૂલી જ ગયા! વિનોદ તો બધાનો લાડલો બની ગયો.

કોઈક ને કોઈક તેને લઈ જતા. મંજૂલાના હાથમાં છેક રાતે આવતો!

બરાબર પંદરમાં દિવસે મુંબઈ આવવાની ઘડીઓઓ ગણાઈ રહી હતી ત્યારે બાબુની ફૂઈ જાણવા આવી કે બાબુનું કુટુંબ જીવતુ તો છે ને! મંજૂલાએ તો વધારે કંઈ ન કહ્યું કારણકે તેણે તો સુખ અને દુઃખ બન્ને સ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહેવાનું શીખી લીધું હતું. પણ શોભના અને જયુએ નિર્દોષતાથી તેઓને મળેલી વીઆઈપી થી વિશેષ સગવડોની વાત કરી ત્યારે બાબુની ફૂઈ ઈર્ષ્યાથી બોલી, ''મંજૂલા, તારે અમને પણ બોલાવી લેવા જોઈએ ને અમે તો નીચે ભંડક્રિયામાં દુઃખીના દારીયા થઈ ગયા'તા!'' મંજૂલાનો જવાબ બહુ જ ટૂંકો હતો, ''મેં બાબુને વચન આપ્યું હતું કે તેના સંતાનો ને હું કોઈપણ રીતે સલામત મુંબઈ પહોંચાડીશ. મને એ સિવાય બીજું કંઈ પણ યાદ ન રહ્યું'' સ્ટીમર મુંબઈ પહોંચી ત્યારે નવીન મામા આવી પહોંચ્યા હતા.

આઠ દિવસ પછી મુંદ્રા (કચ્છ) પહોંચ્યા બાદ મંજૂલાએ પહેલું કામ જંગબાર તાર (ટેલીગ્રામ) મોકલવાનું કર્યું.

બે મહિના પછી બાબુ પણ બધો જ કારોબાર 'વાઈન્ડ અપ' કરી જીવનભરની બચત (કિંમતી ઘરેણાઓ) ને યુક્તિથી બંડીના મોટા ગજવામાં છુપાવી ઉપર પાંચ ખમીસ ચડાવી અને કોઈ ઘરડી વ્યક્તિનો આબાદ વેશ ધારણ કરી પહેલા મુંબઈ અને છેવટે મુંદ્રા પહોંચ્યો, કાયમી વસવાટ માટે....

★★★ સમાપ્ત ★★★

### લેખિકાની આત્મવંદના

મંજૂલા એટલે મારા પરમ પૂજ્ય માતુશ્રી સ્વ.શ્રી. મધુવંતી મથુરાદાસ ગાંધી અને બાબુ એટલે મારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ.શ્રી. મથુરાદાસ ગોપાલદાસ ગાંધીના ચરણોમાં કોટી કોટી વંદન અને મારા પ્રિય વાચક ગણને મારા જયશ્રી કૃષ્ણ

# શ્રી રામ મંદિરના નિર્માણ માટે વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા રૂા. ૧ કરોડનું ડોનેશન











શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ અભિયાન અંતર્ગત ઘાટકોપરના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરોની સાથે ભારતીય જનતા પાર્ટી, વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ ટીમો બનાવીને દરેક સોસાયટીઓ અને બિલ્ડિંગોમાં ભંડોળ એકઠું કરવાની શરૂઆત કરી છે, જેને ઘાટકોપરવાસીઓ જબર પ્રતિસાદ આપી રહ્યાં છે.

આ ભંડોળમાં સૌથી પહેલી મોટી રકમ ઘાટકોપર-ઈસ્ટના ભારતીય જનતા પાર્ટીના વિધાનસભ્ય પરાગ શાહે ડોનેટ કરી હતી. તેમના ચેમ્બુરના ઘરે આવેલા વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સેવક સંઘના મહાનુભાવોની હાજરીમાં 'રામજી કા દિયા હુઆ પ્રભુશ્રી રામજી કે ચરણોમે સમર્પિત' એમ કહીને પરાગ શાહે સાધ્વી ઋતુંભરાને શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિમાં એક કરોડ રૂપિયાનો ચેક સુપરત કર્યો હતો.

આ કાર્યક્રમોમાં વિશ્વ હિંદુ પરિષદ અને રાષ્ટ્રીય સેવક સંઘના સુરેશ બગરિયા, મહેશ નાઈક, સંજય નાગરકર, ભારતીય જનતા પાર્ટીના અગ્રણી નેતા પ્રવીણ છેડા અને અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.





# સંભારણા : ઘાટકોપર સહિત વિશ્વભરના ભાનુશાલીઓના ગૌરવનું પ્રતિક : ઘાટકોપરની ભાનુશાલી વાડી



કચ્છી ભાનુશાલી સમાજના વ્યક્તિઓના ઉત્કર્ષ માટે સ્થપાયેલ અને શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ મુંબઈ દ્વારા સંચાલિત ભાનુશાલી વાડી ૭૦ વર્ષ પહેલાં બનેલ. જ્ઞાતિના કુળદેવી શ્રી હિંગબાજ માતાનું ભવ્ય મંદિર પ્રાંગણમાં છે જે તમામ ભાનુશાલીઓ માટે આસ્થાનું પ્રતિક છે. વર્ષ ૨૦૧૯માં ભાનુશાલી વાડીનો અત્યંત મહત્વાકાંક્ષી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો તે પહેલાં લેવાયેલ તસ્વીરોની ઝલક






26th January
HAPPY REPUBLIC DAY
વોઈસ ઓફ ઘાટકોપરને
૧૩મી વર્ષગાંઠની શુભેચ્છા
વિધાનસભ્ય
પરાગ શાહ
ઘાટકોપર ઈસ્ટ વિધાનસભા
ભારતીય જનતા પાર્ટી


દેશ આગળ વધે સૌ થાય સમૃધ્ધ ૭૨મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છા
વોઈસ ઓફ ઘાટકોપર એટલે પ્રજાસત્તાકને અનુરૂપ પત્રકારત્વ
૧૩મી વર્ષગાંઠની શુભેચ્છા, વિશ્વભરમાં ભારતનો વાગે ડંકો
યુવા સહયોગથી દેશ બન્ને પ્રગતિમાં એક્કો




સૌને પ્રજાસત્તાક દિવસની શુભકામના
Happy Republic Day
આપો સલામી આ તિરંગાને જેનાથી તમારી શાન છે
શિર હંમેશા ઊંચુ રાખશે જયાં સૂધી દિલમાં જાન છે
વોઈસ ઓફ ઘાટકોપરને ૧૩મી વર્ષગાંઠની વધાઈ
ભાજપા પરિવાર
ઘાટકોપર (પૂર્વ) મંડળ
સંકલ્પ ૨૦૨૨-૨૦૨૪
પ્રકાશ મહેતા
પ્રભારી, ભાજપા ઉત્તર મધ્ય મુંબઈ જિલ્લા

# હિન્દુ દેવ દેવતાઓનું અપમાન કરતું 'તાંડવ' વેબસિરીઝ અટકવી જ જોઈએ : મનોજ કોટક

## મનોજભાઈ કોટકના પત્રની નોંધ લઈ પ્રસારણ મંત્રાલયે એમેઝોનને સમન્સ પાઠવ્યા



ઇશાન મુંબઈના સાંસદ મનોજ કોટકએ એમેઝોન પ્રાઈમ વિડીયો પર પ્રસારિત થઇ રહેલી તાંડવ વેબ સિરીઝ દ્વારા હિન્દુ દેવ દેવતાઓનું અપમાન થઇ રહ્યું છે તેથી આ વેબ સિરીઝ ભારત સરકારના માહિતી અને સૂચના પ્રસારણ મંત્રાલયે ત્વરિત અટકાવી દેવી જોઈએ એ મતલબનો પત્ર માહિતી અને સૂચના પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરને લખ્યો હતો. આ પત્રની ત્વરિત નોંધ માહિતી અને સૂચના પ્રસારણ મંત્રાલયે લીધી.






MANOJ KOTAK
Member of Parliament (Lok Sabha)
Mumbai - North East

MEMBER :
• Parliamentary Standing Committee on Finance
• Parliamentary Standing Committee on Commerce
• Consultative Committee for the Ministry of Shipping

15th January 2021

DO/DL/MeitB/2021

Respected Shri Javadekar Ji,

It has been observed that now a days OTT (Over the Top) platform has become very popular especially among youth. This platform is free from all censoring authority and in the preview of interest of freedom – sometime they are taking undue advantage. There is no law or autonomous body governing OTT platform or digital contains. Now its urgent need to regulate the OTT Platform.

Programmed telecasts on OTT Platform is full of Sex, Violence, Drugs, Abuse, Hate and Vulgarity. Sometime they also hurt the sentiments of Hindu and religious sentiments.

I also noticed and expressed by many citizens across the country about the recent Web series TANDAV released on OTT Platform. It seems that makers of Tandav has deliberately mocking Hindu Gods and disrespect Hindu religious Sentiments.

I urge Ministry of I&B may immediately constitute a regulatory authority on OTT platform and in the meantime ban controversial web series Tandav.

With warm regards

Your sincerely

(MANOJ KOTAK)

Shri Praksah Javadekar ji
Hon'ble Minister of Information and Broadcasting
Govt of India.
Shashtri Bhawan, New Delhi

New Delhi : Duplex No.15, North Avenue, New Delhi - 110 001 • Tel.: 011-2309 4740 / 2309 4741

આ બાબતે આગળની કાર્યવાહી રૂપે એમેઝોન પ્રાઈમ વિડીયોને તુરંત સમન્સ મોકલવામાં આવ્યા છે એવી માહિતી મનોજ કોટકે આપી હતી.

અભિનેતા સૈફ અલી ખાનની ભૂમિકાવાળી તાંડવ વેબસીરીઝમાં ભારતના હિન્દુ દેવ દેવતાઓનો જાણીજોઇને અપમાન કરવામાં આવ્યું છે એ જયારે મારા ધ્યાનમાં આવ્યું તે જ ક્ષણે મેં પ્રસારણ મંત્રાલયને આ તાંડવને બંધ કરવા માટે પત્ર લખ્યો. આ બાબતે તરત જ એમેઝોનને સમન્સ મોકલવા બદલ હું ભારત સરકારનો આભાર માનું છું. એમ મનોજ કોટકે વધુમાં જણાવ્યું હતું.



વિધાનસભ્ય રામ કદમે ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં તાંડવ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી


GOOD NEWS!

Hema Cable & Internet

I. Anjaria Wadi, M.G. Road, Behind Kiran Doshi Nursing Home, Ghatkopar (E), Mumbai - 400 077.

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !

First Time in Ghatkopar
High Internet Speed at Affordable rate
" I " Broad Band Internet
All Unlimited Plans

| PLAN | MONTHLY FEES | ANNUAL FEES |
|---|---|---|
| 25 MBPS | Rs. 300/- | Rs. 3600/- |
| 30 MBPS | Rs. 400/- | Rs. 4800/- |
| 50 MBPS | Rs. 500/- | Rs. 6000/- |
| 100 MBPS | Rs. 1000/- | Rs. 10000/- |

*Additional one Time Installation Charge of Rs. 500/-
No Installation Charges on Annual Subscription & Full Payment
Limited Period Offers

Contact : Mr. Hirabhai L. Haria
9870458808

GOOD NEWS ! GOOD NEWS ! GOOD NEWS !



જ્યોતિષ ઉપાય
૩૫ વર્ષના અનુભવી દેશ-વિદેશના વ્યક્તિઓને જ્યોતિષ અને વાસ્તુ વિશે સલાહ દ્વારા
જીવનમાં પ્રગતિના માર્ગો પર દોરનાર અને મુંઝવણોના ઉકેલ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ આપનાર
શ્રી પ્રકાશ જોષી
9326999609




# Kashish Ashok Jagiasi

Kashish Jagiasi is a Dance Choreographer and a social worker.
She is associated with various social groups like bharatiya sindhu sabha,sindhi council of India,gurukripa sindhi social association.
She is the trustee of Sai Sindhiyat Foundation and also the jury member of sindhi talent show.
She is dancing since her childhood
And have been teaching dance from past many years. She Is specialised in bollywood dance form. She has a dance academy named 'Nishika Dance Academy'.
She has done many events and wedding choreographies.
She also teaches dance to children in sindhi summer camps from past 6 years.
She does an amazing voluntary job during medical camps, blood donation camps and many other camps.





**23 Jan**





**Best Wishes From :-**
**Ashok Jagiasi (bjp Secretary Thane City District )**
**Nishika Jagiasi • Jagiasi And Raheja Family**
**Rajesh Thakkar And Family • Chander Jeswani**




ઘાટકોપરવાસીઓને
૭૨માં પ્રજાસત્તાક દિનની
હાર્દિક શુભેચ્છા




HAPPY
REPUBLIC
DAY

गौrang's®
Fashion Design Studio
Exclusive Designer Blouses, Corsets, Chaniya Cholis & Gown
5, Parmeshwar Dham, Rd. No. 7, Rajawadi, Ghatkopar (E), Mumbai-77.

વોઈસ ઓફ ઘાટકોપરને
૧૩મી વર્ષગાંઠ
નિમિત્તે શુભેચ્છા


GHATKOPAR JOLLY GYMKHANA
આપ સૌને ૭૨માં પ્રજાસત્તાક દિને શુભકામના
સબકા સાથ સબકા વિકાસ
પ્રજાસત્તાકનો મતલબ સૌને માટે ખુલ્લું આકાશ
વોઈસ ઓફ ઘાટકોપર પાથરે જાગૃતિનો પ્રકાશ
૧૩મા જન્મદિનની વધાઈ
GHATKOPAR JOLLY GYMKHANA
With Best Compliments From
OFFICE BEARERS
CA RAJNIKANT SHAH CHAIRMAN
MANOJ AJMERA MANAGING TRUSTEE
CA JITENDRA ZATAKIA HON. SECRETARY
MUKESH BADANI HON. SECRETARY
BALWANT SANGHRAJKA HON.TREASURER/TRUSTEE
NALIN MEHTA HON. TREASURER
BOARD OF TRUSTEES
DR.JANAK GANDHI
DR.SANJAY SANGHAVI
HARISH GANDHI
JAYPRAKASH DAFTARY
NILKANT DATAR
PRAVIN PAREKH
PRAVIN PATEL
MANAGING COMMITTEE MEMBERS
CA DHARMESH MEHTA
CA MICKIN SHETH
CAPT. SWAMINATHAN IYER
JERAM BHANUSHALI
NISHIT GOLWALA
PARAG GANDHI
PARESH SHAH
PRASHANT KARIA
SANJAY RUPANI
VISHNUKUMAR TALESARA
GHATKOPAR JOLLY GYMKHANA
GHATKOPAR JOLLY GYMKHANA


ઘાટકોપરવાસીઓને ૭૨મા પ્રજાસત્તાક દિનની હાર્દિક શુભેચ્છા
Our Republic Day
26 January 2020
વોઈસ ઓફ ઘાટકોપરને
૧૩મી વર્ષગાઠ નિમિત્તે
હાર્દિક શુભકામના
શુભેચ્છક
નગરસેવક ભાલચંદ્ર શિરસાટ


HAPPY
REPUBLIC
DAY
૧૪માં વર્ષે પ્રવેશ નિમિત્તે
વોઈસ ઓફ ઘાટકોપરને
હાર્દિક શુભકામના
શુભેચ્છક : યશ ઉર્વીશ વોરા

# વોઈસ ઓફ ઘાટકોપરની વર્ષગાંઠ નિમિત્તે વાચકોએ મોકલ્યા શુભેચ્છા સંદેશા

Dear Jatinbhai/Sinjal&Team VOG

I am glad to know that VOICE OF GHATKOPAR this year completed 13 successful years and is entering 14th year. It seems just like yesterday that you started the paper your lifetime dream and today it has completed so many years of successful publications.

All this is because of everyone's handwork and co-operation without that seeing this day would have surely been impossible.


Your aim a few years back was to make your presence felt & make a difference in the society which is being constantly visible now be it in the print world or in the digital world.

It is indeed a matter of joy and success. Congratulations to you and your team for this grand success and may Voice of Ghatkopar reach great heights in the years to come.

I hope you keep entertaining passionate readers as you have been doing with each passing day.

With lots of Good Wishes

Yogini Doshi




અભિનંદન... અભિનંદન...
બધાઈ હો.... બધાઈ હો....
વોઈસ ઓફ ઘાટકોપર પત્રકની સાલહગીરી પર.....
અવાજ છે ઘાટકોપરવાસીઓનો.....
પ્રતિબિંબ પાડે છે. પ્રેમીજનોની ભાવનાનું....
આપણી વાતો ઘરઘરની વાતો....
વસતા ઉઘતી સમાજની પ્રેરણાદાયક વાતો...
માહિતી રૂભેર... જ્ઞાનરૂપી.... લખાણો વાંચીએ.....
સલામ છે..... તનતોડ મહેનત કરતા રહેવાસીઓને....
ઉત્કર્ષ વસતા મીની કાઠિયાવાડનો કરવાનો......
ચારે કોર નજરે પડતા રહે.... વ્યસ્થ ચહેરાઓ....
પાને પાને અંકિત કરે છે....
કુટુંબ મેળાની મીજબાની ગર્વ રહે સર્વેને.....
સદાબહાર પત્રકને પામવાનો બનાવીએ....
અવલ્લ નંબર.... મહેકી ઉઠે......
સર્વત્ર માનવતાની મહેક.... સુંગધી દરિયો
'વોઈસ ઓફ ઘાટકોપર'..... સુગંધી સમાજનો બગીચો.

– શ્રી હર્ષદ દડિયા (શ્રી હર્ષ)

પ્રતિષ્ઠિત પેપર,
સાપ્તાહિક પેપર,
વોઇસ ઓફ ઘાટકોપર,
પૂરા કરેછે વર્ષ તેર.
ભવિષ્ય એવું ભાખું છું,
એ વંચાય ઘેર ઘેર.
કેવળ સમાચાર જ નહી,
સજાગતા દાખવે છે વારંવાર.
ચૌદમા વર્ષના પ્રવેશને વધાવીએ,
બસ ,જીતતું રહે સૌનો પ્યાર.
અભિનંદન.. અભિનંદન..
વોઇસ ઓફ ઘાટકોપરને ,
શુભેચ્છા સાથે અભિનંદન.

**– ચંદ્ર શાહ, ઘાટકોપર**
**મો.૯૨૨૪૭ ૩૨૨૬૯**


## વોઈસ ઓફ ઘાટકોપર ચૌદમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. તે શુભ અવસરે...

તેમાં પ્રકાશિત થતા સમાચારોની વિશ્વસનિયતા કાયમ રહે, લેખો પથદર્શક બની રહે અને તે સમંદરની ગહેરાઈ સમા વિચારોને પહાડોની ઊંચાઈ સુધી લઈ જઈ ઉત્તરોઉત્તર પ્રગતિ કરતું રહે તેવી હાર્દિક શુભેચ્છા.

– પૂજા ટોપરાણી.



ભાજપાના ઘાટકોપર ઈસ્ટના સક્રીય મહિલા કાર્યકર્તા મીનાબેન અંતાણી દ્વારા આમ તો લોકડાઉન દરમ્યાન અનેક કાર્યો કરવામાં આવ્યા. તાજેતરમાં મકરસંક્રાંતિ નિમિત્તે જરૂરિયાતમંદ લોકોને અનાજનું વિતરણ અને ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું.


HAPPY
REPUBLIC
DAY
1 NATION | 1 VISION | 1 IDENTITY
ALAG
PROPERTY
SPACES. THAT STAND OUT
JIGNESH KHILANI
ALAG 18
COMING
SOON
NEW
PROJECT
GHATKOPAR-EAST



# સાપ્તાહિક રાશી ભવિષ્ય

જ્યોતિષ - પ્રકાશ જોષી
મોબાઈલ - ૯૯૬૯૦૪૪૪૮૧ - Email : prakasjoshi@gmail.com

**મેષ (અ,લ,ઈ) :** વડીલો-ઉપરીવર્ગ તરફથી ઠપકો મળે અથવા તો મેમો ન મળે તે અંગે સાવચેતી વર્તવી અત્યંત જરૂરી છે. કામકાજમાં ભાગ્યનો સાથ મળવો શક્ય છે. અને નાણાં તથા આવક વધવાની શક્યતા રહે. રિડેવલપમેન્ટ રીનોવેશન અંગેના નિર્ણયો દ્વારા સંપત્તીમાં ફેરફાર અંગે વિચારી શકાય માંત્રીક-તાંત્રીક પ્રયોગો અથવા તો ઉપરી હવા થકી પરેશાની અંગે સાવધાની વર્તવી જરૂરી છે. કામકાજની જગ્યાપર અજુગતી ઘટના આકાર લઈ શકે છે. હાથનીચેની વ્યક્તિઓનો સાથ-સહકાર મળવાથી કામમાં સરળતા આવે.

**વૃષભ (બ,વ,ઉ) :** વાયરલ ઈન્ફેક્શન થકી સાવધાની વર્તવી તથા આહાર-વિહાર પર વધારે ધ્યાન આપવું અત્યંત જરૂરી થાય છે. કામકાજ-કારોબાર થકી સારો આર્થિક લાભ મળી શકે છે. પરીવહન અ ને સ્વઉપયોગ માટે વાહન ખરીદવું શક્ય થાય. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં વધારે ધ્યાન આપવું જરૂરી છે. શાંતી જાળવીને કામકાજો કરવા અત્યંત જરૂરી છે. મિત્રવર્ગ અને સહયોગીઓનો સાથ સહકાર મળવો ઓછો થયોલો જોવાય છતાં યાત્રા-પ્રવાસ અંગેના આયોજન માટે સમય ફાળવવો પડતો જોવાય.

**મિથુન (ક,છ,ઘ) :** શારીરિક નબળાઈ અને સ્વાસ્થ્ય અંગે જાળવવું અત્યંત જરૂરી છે. આર્થિક સ્થિતી યથાવત્ જળવાઈ રહેતી જોવાય. સંતાનોના સ્વાસ્થ્ય અંગે પણ ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. કિંમતી વસ્તુ દાગીના ઝર ઝવેરાતની ખરીદીમાં અંગે વિચારી શકાય. મિત્રવર્ગ અને ઓળખાણ વાળી વ્યક્તિની ખરીદીમાં મદદ અને માર્ગદર્શન મળી શકે છે. હિમ્મત અને અત્મવિશ્વાસ અંગે માનસીક નબળાઈનો અનુભવ થઈ શકે છે. યશ-માન-પ્રતિષ્ઠા ન મળે તો વાંધો નહી પણ બગડે નહીં તે અંગે સાવધ રહેવું.

**કર્ક (ડ,હ) :** પિત્ત અને વાયુ પ્રકોપથી સાવધાની માટે આહાર-વિહાર પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. નાણાંકીય બાબતોમાં વ્યવહાર કરતાં પહેલા નાણાંકીય સુરક્ષા અંગે વિચારી લેવું જરૂરી થાય છે. હાથ ઉછીના નાણાંપણ ફસાય ન જાય તે અંગે સાવધાની વર્તવી અત્યંત જરૂરી છે. વાહન અંગેની ખરીદી કરવી શક્ય થાય કે તે અંગે વિચારી શકાય તેમ છે. વિદ્યાર્થીઓએ ભણતર પર ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. મિત્રો-સહયોગીઓની વૃતી પ્રવૃત્તી નુકશાન કર્તા થઈ શકે છે સંભાળવું.

**સિંહ (મ,ટ) :** પગ અંગેની તકલીફો માટે ત્વરીત ઈલાજ કરી લેવા તથા સ્વાસ્થ્ય અંગે પુરતી કાળજી રાખવી અત્યંત જરૂરી થાય છે. અકળ શારીરિક સ્થિતી અંગે પરેશાન થવાની શક્યતા વધારે રહેતી જણાય. હાથ નીચેની વ્યક્તિઓ દ્વારા ઉઘરાણીમાં નાણાં અથવા કેશ બેલેન્સનો ઉપયોગ નાણાંકીય સંકળામણ ઉભી કરી શકે છે. સાવધ રહેવું જરૂરી થાય છે. આવી સ્થિતી નોકરીયાત-વ્યસાયીકો માટે ખાતાકીય તપાસ પણ નોતરી શકે છે. વાહનની ખરીદી નુકશાની વાળો વસ્તુ મળ્યાનો અનુભવ કરાવે.

**કન્યા (પ,ઠ,ણ) :** સ્વાસ્થ્ય જળવાઈ રહે સહાસ-સટ્ટા-શેર-વાયદાના કામોમાં વધારે રોકાણ કરતાં જણાવ. સંતાનો તરફથી આર્થિક સાથ-સહકાર મળી રહે. હેન્ડીક્રાફ્ટ-હાથ કારીગરીની વસ્તુના વ્યપાર-વ્યવહાર થકી નાણાંકીય આવક થઈ શકે છે. નવીન વસ્તુ થકી કમાણી થવી શક્ય છે. કિંમતી વસ્તુ દાગીના વગેરેની ખરીદી સંતાનો-જીવનસાથી/ભાગીદારને વધારે આકર્ષક જણાય. ખરીદીની ખુશી-આનંદ મળી શકે છે. સાહસ -સટ્ટાના કામોમાં નુકશાની ન થાય તે અંગે સ્ટોપ લોસની અંદાજબાંધી આગળ વધવું જરૂરી છે.

**તુલા (ર,ત) :** વધારે પડતો શ્રમ અને પ્રવાસનો થાક ઘરે રહીને કામકોાજ કરવાની સ્થિતી ઉત્પન્ન કર શકે છે. નાણાંકીય આવક સારી રહેતી હોય નાણાંકીય રાહત ઉભી રહેતી જણાય. છતાં પણ વધારાના ખર્ચાઓ ઉપાડવા લડતા જણાય સ્થાવર-જંગમની ખરીદી વેચાણ કરવીું શક્ય થાય છે. કિંમતી વસ્તુની ખરીદી કરવી પણ શક્ય થાય છે. ઘરેલું વાતાવરણમાં આનંદ-પ્રમોદનું પ્રમાણ વધારે થતું જોવાય. કોઈ અજુગતો પ્રસંગ કૌટુંબીક આનંદની સ્થિતીમાં વધારો કરી શકે છે. જીવનસાથી/ભાગીદાર તમરા નાણાંથી આનંદ મેળવે અને તમને કરાવે.

**વૃશ્ચિક (ન,ય) :** સ્વાસ્થ્યની સ્થિતી જળવાઈ રહેતી જોવાય હરીફવર્ગ અને હાથ નીચેનાની વ્યક્તિઓની વૃત્તી-પ્રવૃત્તી પર વધારે પડતું ધ્યાન રાખવામાં સમય વ્યતીત થવાથી આવક પર દબાણ આતું જોવાય. સ્થાવર-જંગમની સ્થિતી યથાવત્ રહેતાં તેના દ્વારા આવક થવાની શક્યતા અથવા તો આવકમાં વધારો થવાની શક્યતા નહિંવત રહેતી જણાય. લીધાલા વાહન દ્વારા યાત્રા-પ્રવાસનો વિશિષ્ટ આનંદ મેળવી શકાશે. ભ્રાતૃવર્ગની મુલાકાતો માનસીક શંશયો ઉભાકરી શકે છે. કિંમતી વસ્તુની ખરીદીમાં ગોલમાલ વાળી વસ્તુ આગવાની શક્યતા રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** વધુ પડતી જીભાજોડી બોલાચાલી માનસીક તણાવ વધારી શકે છે. તેથી તેની દ્વારા હૃદય પર પણ અસર થઈ શકે છે. તે અંગે સાવધાની વર્તવી જરૂરી છે. આંખના ઓપરેશનને મુલાવી રાખવું પણ તેટલું જ જરૂરી થાય છે. કરેલા કામોનું પુરતું વળતર મળી રહેતાં નાણાંકીય વ્યવહારો જળવાઈ રહેતા જોવાય. અટકેલા નાણાં અને ઉઘરાણીનાં નાણાં મળતા નવા કાર્યો અને વ્યવહારો કરી શકશો. વાહનની ખરીદી કૌટુંબીક સભ્યોને આનંદ દાયક પ્રવાસનો અનુભવ આપી જાય કૌટુંબીક મોળ મેળાપનો આનંદ મળી શકે છે.

**મકર (ખ,જ) :** વાયુ-પિત્તનું પ્રમાણ વધવાથી સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે. આહાર વિહાર પર પુરતું ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. વાયુ ઉપર ચડવા થકી ગભરામણાનો અનુભવ થઈ શકે છે. આરોગ્ય-સારવારહ કેન્દ્ર હૃદય રોગનો હુમલો પણ ગણાવી ખર્ચના ખાડામાં નાંખી શકે છે. વિદેશ-મથક-બહારગામના કામકાજો દ્વારા આવક ઉભી કરવાના વિચારો અને અમલ કરવાના પ્રયત્નો કરવા શક્ય થાય છે. થયેલી વધારાની આવકથી વ્યવહારો ચલાવવામાં રાહત મળતી જોવાય અને તેના દ્વારા સંતોષ મેળવી શકાય તેમ છે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** સઃકુટુંબ યાત્રા પ્રવાસમાં જરૂરી દવા-ફર્સ્ટ એઈડ અને જરૂરી સાધનો સાથે રાખવા અત્યંત જરૂરી છે. સંભાળ પૂર્વક લઈ લેવા જરૂરી થાય વ્યવસાયીકોને કોન્ટ્રેક્ટ અને નોકરીયાતોને બરતરફી અંગેની આ શંકાઓ થતી જોવાય અથવા બહારગામ/બદલીની પણ શક્યતા થતી જોવાય સંપત્તીમાં ફેરફાર આંતરીક શુશોભીકરણ અંગેના ખર્ચાઓ કરવા શક્ય છે.વાહન અથવા જંગમ કિંમતી વસ્તુની ખરીદી કરવી પણ શક્ય થાય છે. લોહીનો બગાડ-અથવા અન્ય તકલીફો અઠળ બીમારી સુચવનાર પુરાવાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** સ્વાસ્થ્ય એકંદરે સારૂ રહેતુ જોવાય અને ધીમો સુધારો પણ અનુભવ થાય. ભાગ્યના સથવારે આવવું થવી શક્ય થાય પણ વધારે પડતાં ખર્ચાઓ બચત થવાની શક્યતા ઘટાડી નાંખે. વાહન વસાવવાના વિચારને આગળ વધારી શકાય છે અને ખરીદી કરવી પણ શક્ય થાય છે. નોકરીમાં વધારાની આવક થવી પરણ શક્ય થાય. વાતાવરણ હળવું થતાં રાહતનો અનુભવ થઈ શકે છે. સામાજીક-કૌટુંબીક પ્રસંગના આયોજન અંગે સમય ફળવવો પડે. ભાગીદાર/જીવનસાથીનો સહકાર મળી રહે.




# શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

- સંકલન : વિજય બોટાદરા

ગતાંકથી આગળ

નીરાગી પુરૂષોને નમસ્કાર

ઉદય આવેલાં કર્મોને ભોગવતા નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરૂષોનો મહાન બોધ છે.

આત્માભિલાષી -

જો ત્યાં તમને વખત મળતો હોય તો જિનભક્તિમાં વિશેષ વિશેષ ઉત્સાહની વૃદ્ધિ કરતા રહેશો, અને એક ઘડી પણ સત્સંગ કે સત્કથાનું સંશોધન કરતા રહેશો.

(કોઈ વેળા) શુભાશુભ કર્મના ઉદય સમયે હર્ષશોકમાં નહી પડતાં ભોગવ્યે છૂટકો છે, અને આ વસ્તુ તે મારી નથી એમ ગણી સમભાવની શ્રેણિ વધારતા રહેશો.

વિશેષ લખતાં અત્યારે અટકું છું.

વિ. રાયચંદના સત્પુરૂષોને નમસ્કાર સમેત પ્રણામ વાંચશો.

૫૨

નીરાગી પુરૂષોને નમસ્કાર

આત્મહિતાભિલાષી આજ્ઞાંકિત,

તમારો આત્મવિચારભરિત પત્ર ગઈ પ્રભાતે મલ્યો.

નિર્ગ્રંથ ભગવાને પ્રણીતેલા પવિત્ર ધર્મ માટે જે જે ઉપમા આપીએ તે તે ન્યૂન જ છે. આત્મા અનંત કાળ રખડ્યો. તે માત્ર એના નિરૂપમ ધર્મના અભાવે જે એક રોમમાં કિંચિત પણ અજ્ઞાન, મોહ, કે અસમાધિ રહી નથી તે સત્પુરૂષનાં વચન અને બોધ માટે કંઈ પણ નહીં કહી શકતાં. તેનાં જ વચનમાં પ્રશસ્ત ભાવે પુનઃ પુનઃ પ્રસક્ત થવું એ પણ આપણું સર્વોત્તમ શ્રેય છે.

શી એની શૈલી! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચંદ્રથી ઉજ્જ્વળ શુકલ ધ્યાનની શ્રેણિથી પ્રવાહરૂપે નીકળેલાં તે નિર્ગ્રંથના પવિત્ર વચનોની મને-તમને ત્રિકાળ શ્રદ્ધા રહો!

એ જ પરમાત્માનાં યોગબળ આગળ પ્રયાચના!

દયાળભાઈએ દર્શાવ્યું તે પ્રમાણે તેમ લખ્યું છે, અને હું માનું છું કે તેમ જ હશે. દયાળુભાઈ સહર્ષ પત્ર લખે એમ તેમને કહેશો અને ધર્મધ્યાન ભણી પ્રવૃત્તિ થાય તે કર્તવ્યની ભલામણ આપશો. 'પ્રવીણસાગર' માટે કંઈ ઉત્તર નથી તે લખશો.

જેમ બને તેમ આત્માને ઓળખવા ભણી લક્ષ દો એ જ માગણી છે. કવિરાજ-તમારા નિઃસ્વાર્થી પ્રેમને માટે વિશેષ શું લખે? હું તમને ધનાદિકથી તો સહાયભૂત થઈ શકું તેમ નથી, (તેમ તેવું પરમાત્માનું યોગબળ પણ ન કરો!) પણ આત્મીથી સહાયભૂત થાઉં અને કલ્યાણની વો તમને લાવી શકું, તો સર્વ જય મંગળ જ છે. આટલું તેઓને વંચાવશો. તેમાંનું તમને પણ કેટલુંક મનન કરવારૂપ છે.

દયાળભાઈની પાસે જતા રહેશો. નોકરીમાંથી જ્યારે જ્યારે વચ્ચે વખત મળી ત્યારે ત્યારે તેમના સત્સંગમાં રહેશો એમ મારી ભલામણ છે. અત્યારે એ જ.

વિ. રાયચંદના પ્રણામ, સત્પુરૂષોને નમસ્કાર સમેત

૫૩

ચિ.

જે જે તમારી અભિલાષાઓ છે તેને સમ્યક પ્રકારે નિયમમાં આણો અને ફળીભૂત થાય તેવું પ્રયત્ન કરો. એ મારી ઈચ્છના છે. શોચ ન કરો, યોગ્ય થઈ રહેશે.

સત્સંગ શોધો. સત્પુરૂષની ભક્તિ કરો.

વિ. રામચંદના પ્રણામ.

ક્રમશઃ

# ઈશાન મુંબઈના ૨૨ કોરોના યોદ્ધાઓનું રાજ્યપાલના હસ્તે સન્માન : મનોજ કોટક






મુલુંડ યુવક પ્રેરણા ટ્રસ્ટ વતીથી કોરોના કાળમાં વિવિધ ક્ષેત્રમાં અદ્વિતીય સેવાનું કાર્ય કરનારા મુલુંડ સહિત ઇશાન મુંબઈના ઉપનગરોમાં વસતા ૨૨ કોરોના યોધ્ધાઓનો રાજભવનમાં રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના હસ્તે સન્માનપત્ર આપીને સત્કાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પોતાના વક્તવ્યમાં રાજ્યપાલે કહ્યું હતું કે, સેવાનું ફળ મળે કે ન મળે, ભારતની પ્રત્યેક વ્યક્તિમાં કરુણા, સેવાભાવ અને અન્યોને મદદ કરવાની ભાવના જન્મજાત છે. 'સેવા પરમો ધર્મ'એ અહીંનો મંત્ર છે. આ કરુણા ભાવ અને સેવાધર્મની ઉપાસના કરીશું તો આપણે કોરોના કરતાં પણ મોટા શત્રુને પરાભૂત કરી શકીશું.



આજે જેમનું સન્માન થઇ રહ્યું છે એવા કોરોના યોદ્ધાઓ જેમાં પોલીસ, ડોક્ટર્સ, સામાજિક કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે તેમણે ફક્ત પોતાના કાર્યાલયની જવાબદારીની ભાવનાથી કામ ન કરતાં સેવાભાવનાથી કામ કર્યું. આ ભાવના મહત્વની હોય છે. આજે અનેક લોકો પોતાની કમાઈનો અમુક ભાગ સામાજિક કાર્યો માટે આપે છે. સેવા કરવી એ આ લોકોના લોહીમાં હોય છે. આવા લોકોને આપણે વંદન કરીએ. એમ રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું.

આ સન્માન સમારોહમાં રાજ્યપાલના હસ્તે ડો. વિદ્યા ઠાકુર, ડો. સીમા માલિક, ડો. કાજોલ બડવે, ડો. રીતા સિંહ, ડો. તેજલ શાહ, પ્રશાંત કદમ, તૌફીક તાંબે, રત્નકાંત જગતાપ, મનોજ સોની, બાલકૃષ્ણ બાને, હરેન મર્ચન્ટ, બિંદુ ત્રિવેદી, શિવશંકર કોચરેકર, પ્રવિણ કવાડે, નરેશ દોશી, પ્રિતેશ મૈશેરી, અશોક રાય, કિરણ ગૈચોર,સુશીલ સહાની, શ્રીરામ જંગમ, નિત્યાનંદ શર્મા, અશ્વિની પાંડેને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિધાન પરિષદના વિરોધ પક્ષના નેતા પ્રવિણ દરેકર, ઇશાન મુંબઈના સાંસદ મનોજ કોટક ઉપસ્થિત હતા.





# માપીંડુઝી (બળવો) (ભાગ : ૬)



– પૂજા ટોપરાણી

વહી ગયેલી વાર્તા.... જંગબાર (ઝાંઝીબાર)ની 'ઈન્ડિયન સોસાયટી' નામની સોશ્યલ ક્લબે ૧૯૬૦માં ક્લબ કક્ષાની ક્રિકેટ મેચ વખતે નહેરૂને આમંત્રણ આપેલું. ઉદ્ઘાટન વખતે નહેરૂએ આપેલા નાદાનીભર્યા ભાષણે સ્થાનિક કાળી પ્રજાને ઉશ્કેરી અને બરાબર ચાર વર્ષ પછી ૧૯૬૪માં આરબ સૂબેદારને ઉથલાવવા બળવો ફાટી નીકળ્યો. જેણે ૧૯૬૫ના મધ્યભાગ સુધીમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને ભારતીય સમુદાયના ઘરો/દુકાનો લૂટાયા.

મહેનત કરી બે પાંદડે થયેલા બાબુ અને મંજૂલાના કુટુંબ પર પણ આફતના ઓળા ઉતરી આવ્યા. બાબુએ સ્થાયેલી પેઢી નાની હોવા છતાં તેની ઉદારતા અને મજબૂત શાખને લીધે તેને દરેક મુસીબતમાંથી રસ્તો મળતો રહ્યો.

બાબુની તેર વર્ષની પુત્રી શોભના દૂધ લેવા નીકળે છે. ત્યારે અચાનક જ બળવાખોરો ત્રાટકે છે. પરંતુ શોભનાને બાબુ/મંજૂલાના પાડોશી આબાદ રીતે બચારી લે છે.

આ બાજુ છાંભ્ભે (વાડીએ) ફસાયેલા બાબુ અને તેના મિત્રોને મદદ કરવા અબ્રામ નામનો કાળિયો મળી જાય છે. ભૂતકાળમાં બાબુએ કરેલી મદદના બદલામાં અબ્રામ બધાને પોતપોતાના ઘરે સલામત પહોંચાડે છે.

ત્યાર બાદ ત્રણ દિવસ પછી સમગ્ર જંગબારને ખેદાન મેદાન કરી નાખે તેવો સૌથી મોટો હુમલો થાય છે. જેમાં પાંચ કાળિયાઓ બાબુની દુકાન લૂટવા ત્રાટકે છે. એ વખતે પણ હુમલાખોરોમાંનો એક કાળિયો, નામે જમશીદ, બાબુનો મદદગાહ બને છે. ચાર વર્ષ પહેલા બાબુની પેઢીમાં જમશીદે હીરા જડીત ઘરેણા ગીરવે રાખેલા. આર્થિક તકલીઉમાં આવી પડેલા જમશીદનું ત્રણ મહિનાનું વ્યાજ બાબુએ જતુ કર્યું હતું.

ભગવાન બની આવેલા જમશીદે બાબુને સમજાવ્યો કે ભારતીય સમુદાયના લોકોના અન્ન-જળ જંગભારમાં હવે પૂરા થયા છે. અને હવે અહીં રહેવામાં જાનનું જોખમ છે.

મોટા ભાગના પહોંચતા-પામતા ભારતીય કુટુંબો દારે-સલામ કે લંડન ચાલ્યા ગયા હોવાથી બાબુ પણ જંગબાર છોડવાનો નિર્ણય લે છે.

બે દિવસ પછી મુંબઈ જતી સ્ટીમરમાં બાબુના કુટુંબને મટવાના (મોટી જીપ)માં લઈ જવા વહેલી સવારે પાંચ વાગે તે ખૂદ આવશે એમ કહી જમશીદ વિદાય લે છે. **હવે આગળ....**

સવારના સાત વાગવા આવ્યા હતા. જંગબારની ગોદી પરથી મુંબઈ રવાના થતી સ્ટીમરને ઉપડવાને એક જ કલાક બાકી હતો. ગોદી પર અસાધારણ ભીડ, અવ્યવસ્થા અને શોરબકોરનો માહોલ હતો. મોટાભાગના માનવ ચહેરાઓ પર શોક, ચિંતા અને અજ્ઞાત ડર છવાયેલા હતા. જે કર્મભૂમિએ વર્ષો સુધી સાંચવ્યા અને જીવનના બધા સુખો આપ્યા હતા. તેને અચાનક જ છોડવાની પીડા મોટા ભાગના લોકોના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી!

બાબુ, જમશીદ અને જમશીદના માણસોએ મોટા મોટા સાત બોક્સને ફાલકામાં ગોઠવી દીધા જેના પર મંજૂલા અને પાંચેય સંતાનોએ અડિંગો જમાવી દીધો હતો. મુંબઈની ફર્સ્ટ ક્લાસ કેબીનની ટિકિટો કઢાવી મંજૂલાને સોંપી દેવામાં આવી હતી. સ્ટીમર ઉપડ્યા પછી કેબીન મળવાની હતી.

બાબુની દૂરની ફઈ અને તેનું કુટુંબ પણ મુંબઈ જવાનું હતું. તેઓના સામાન પણ બાજુમાં જ ખડખાયેલો હતો. ફઈના કુંટુંબના સામાન પણ બાજુમાં જ ખડકાયેલો હતો. ફઈના કુટુંબમાં બે પુરૂષો હતા એટલે ફઈને ખાસ ભલામણ કરવામાં આવી હતી. કે મુસાફરી દરમિયાન મંજૂાલનું ધ્યાન રાખેસ ખાસ કરીને પાંચ નાના સંતાનોનું.

બાબુ હજુ મહિનો-બે મહિના જંગબારમાં જ રોકાવાનો હતો. બિઝનેસ 'વાઈન્ડ અપ' કરવામાં અને સ્કૂલમાંથી છોકરીઓના લિવીંગ સર્ટિફિકેટ અને અન્ય ડોક્યુમેન્ટ્સ મેળવવાના હતા. જોકે આ વાત માત્ર મંજૂલા, શોભના અને જ્યું જ જાણતા હતા.!

છેવટે જુદાઈનો વખત આવ્યો. બાબુએ દરેક સંતાનને વારા ફરતી વહાલ કર્યું અને ભગવાનને મનોમન પ્રાર્થના કરી કે હું આટલા વર્ષોથી તારા બતાવેલા માર્ગે ચાલ્યો છું તો તું મારા કુટુંબને સુખરૂપ મુંબઈ પહોંચાડ જે મંજૂલાને બાબુએ છેલ્લી વાર યાદ દેવડાવ્યું કે નવીન મામાને તાર કરી દીધો છે. તે મુંબઈ ગોદી પર 'રીસીવ' કરવા આવશે જ. અઢાર વર્ષ જંગબારમાં સાથે રહ્યાં બાદ પતિ-પત્ની છૂટા પડી રહ્યાં હતા ત્યારે આંખો કોરી હતી. પણ હૈયા રડી રહ્યાં હતા!

★★★★★★★★

સવારના આઠ વાગે સ્ટીમર ઉપડ્યા પછી એક જ કલાકમાં મોકાણના સમાચાર આવ્યા. ઘણા બધા વીઆઈપી અંગ્રેજી મહેમાનો છેલ્લી ઘડીએ આવી ચડ્યા હોવાથી બધી જ ફર્સ્ટ ક્લાસની કેબીનો તેઓ ને ફાળવવામાં આવી હતી. બીજી બાજુ બાબુની દૂરની ફઈ અને તેનું કુટુંબ પણ નીચે ભંડક્યિામાં ચાલ્યું ગયું. ફઈએ એમ કહ્યું હતું, 'અમે નીચે ભંડક્યિામાં વ્યવસ્થા કરી તમને લઈ જાશું.' પણ તેઓનો કોઈ જ અતો-પતો નહોતો! તેઓ તરફથી મદદનો ઈંતજાર કરતા કરતા સાંજ પડી. રસુ અને મીના 'ભાભા...ક્યાં?...ભાભા ક્યાં?' બોલતા બોલતા હીબકે ચડ્યા હતા અને છેવટે થાકીને મંજૂલાના ખોળામાં સૂતા. શોભના અને જ્યુએ આ મુશ્કેલ ઘડીએ મંજૂલાનો બરોબર સાથ આપ્યો. માથે ટોપી અને હાથમાં નેતરની સોટી લઈને બોક્સ પર બેઠેલા શોભના અને જ્યુ ઓફિસરની એક્ટીંગ કરી મંજૂલાને ગમ્મત કરાવતા હતા !

મંજુલા જે બોક્સ પર બેઠી હતી તેમાં રોકડ અને ચાંદીના વાસણો હોવાથી મંજૂલા સહેજ પણ ત્યાંથી ખસકી નહોતી. અધૂરામાં પૂરૂ લેટ્રીન અને બાથરૂમ પણ દૂર હતા. વચ્ચે વચ્ચે શોભના અને જ્યુ, વિનોદ, મીના અને રસુને લઈ લેટ્રીન જઈ આવ્યા પણ મંજૂલા અત્યાર સુધી જેમની તેમ જ બેઠી હતી!

વિપદા બાળકોને, ખાસ કરીને છોકરીઓને, સમજદાર બનાવી દે છે. અને ડહાપણમાં ઉંમર કરતા મોટા બનાવી દે છે. જ્યુએ શોભના ને ઈશારો કર્યો અને તરતજ શોભનાએ મંજૂલાને કહ્યું 'મા તું વ્યાધી ન કર અને જરા બાથરૂમ જઈ આવ. અમે બડા અફસર જેવા અહીં બેઠા છીએ.' એમ કહીને બન્ને બાળાઓએ ટોપીઓ સરખી ગોઠવી, અક્કડ બની અને નેતરની સોટી પછાડી. કોઈ મોટા અફસર જોઈ લો! મંજૂલા હસી પડી. ડર ઓછો થવાથી તે પગ છૂટા કરવા અને બાથરૂમ જવા ઊભી થઈ. ઉતાવળા પગે જઈ બે મિનિટમાં તો પાછી આવી ગઈ. બધું સલામત જોઈ તેણે નિરાંતનો શ્વાસ લીધો.

હવે રાત પડવા આવી હતી. સ્ટીમર પર શાંતિ પ્રવર્તતી હતી. મોટા ભાગના લોકોએ કેબીનની પાછળ કે નીચે ભંડક્યિામાં પોતાની વ્યવસ્થા કરી લીદી પરંતુ મંજૂલા હજુ પણ બાબુની ફઈના ઈંતજારમાં હતી. મોટામાં મોટી શોભના તેર વર્ષની અને સામાનમાં સાત મોટી પેટીઓ અને સાથે જોખમ, મંજૂલાનું મગજ કામ કરતું નહોતું. આજુબાજુ પણ હવે બહુ ઓછા લોકો બચ્યા હતા અને તેઓ પણ ખાસ્સા દૂર હતા. સંતાનોને રાતનું વ્યવસ્થિત ભોજન કરવવાનું હતું.

લૌકિક મદદની આશા બહુજ ઓછી થઈ જાય ત્યારે માનવે અલૌકિક તરફ ધ્યાન ધરવું જોઈએ. મંજૂલાએ મગજને શાંત કરવા કૃષ્ણાષ્ક્મ ગાવાનું શરૂ કર્યું. ગળથૂથીમાં મળેલા સંસ્કાર પોતાની ઝલક બતાવી દેતા હોય છે. બે જ મિનિટમાં ઘર જેવો માહોલ બની ગયો અને બધા ભક્તિરસમાં ડૂબી ગયા. નાનો વિનોદ મીનાના ખોળામાં જ્યારે રસુ શોભનાના ખોળામાં ગોઠવાયા હતા.

બન્યું એવું કે એ જ વખતે એક ઊંચો અને કસાયેલો ટોપીયારો (અંગ્રેજી અફસર) ત્યાંથી પસાર થયો અને દ્રશ્ય જોઈબે ઘડી ઊભો રહ્યો. પ્રાર્થના પૂરી થયા બાદ બધાએ ટોપીયારાને જોયો.

પોતાને જોઈ નાનકડું કુટુંબ ડરી ન જાય તે માટે ટોપીયારાએ વિનોદને તેડીને વહાલ કર્યું અને ખીસ્સામાંથી ચોકલેટો કાઢી. એક વિનોદના હાથમાં આપી અને બાકીની છોકરીઓને આપી.


''તમે એકલા કેમ અહીં બેઠા છો?! નીચે ભંડક્યિામાં તો પુષ્કળ જગ્યા છે,'' એવું અંગ્રેજીમાં પૂછ્યું. શોભનાનું અંગ્રેજી સારૂ હોવાથી તેણે જવાબ આપ્યો, ''અમારા સંબંધીઓ સવારથી નીચે ગયા છે પણ તેઓ અમને લેવા આવ્યા નથી. મારી મા બહુજ વ્યાધી કરે છે.''

''યુ વેઈટ હીયર ઓન્લી,'' એટલું કહી ટોપીયારાએ શોભનાના માથા પર હાથ ફેરવ્યો અને ઉતાવળા પગલે ગયો. પંદર મિનિટમાં પાંચ માણસોને લઈ પાછો ફર્યો. ''કમ વીથ મી,'' એમ કહી સાતેય બોક્સ ઉપડાવ્યા. બધા તેની પાછળ પાછળ ચાલ્યા મંજૂલાને થોડો ડર લાગ્યો પણ શોભના અને જ્યુ, રસુ અને મીનાની આંગળી પકડી ટોપીયારાના પગલે પગલે ચાલવા લાગ્યા, જાણે મોર્નિંગ વોક કરવા નીકળ્યા હોય તેમ! પછીના એક કલાકમાં ટોપીયારાએ જે વ્યવસ્થા કરી આપી તે જોઈને મહાન ફિલસૂફોએ અલગ અલગ સમય કાલે દુનિયાના અલગ અલગ ખૂણે ઉચ્ચારેલું વાક્ય યાદ આવ્યા વગર રહે નહીં! 'People Are Not Evil, Only Few Individuls are Evil First Classes'

First Classesની કેબીનો માટેના રસોડાની બાજુમાં જ એક ખૂણે સાત બોક્સ ગોઠવ્યા. તેના પર ગોદળા અને પછી ગાદલા અને પછી દૂધ જેવી સફેદ બેડન્સીડ પાથરી મોટો 'બેડ' બનાવાયો. આજુબાજુ પાટીયાઓ ગોઠવી નાનકડી કેબીન જેવું બનાવી દીધું! ટોપાયારાએ રસોડાયાઓને કડક સૂચના આપી કે આ કુટુંબને કોઈપણ જાતની અગવડ ન પડવી જોઈએ અને નિયમિત નાસ્તો અને જમવાનું પહોંચી જવું જોઈએ. વીસેક ફૂટ દૂર, ફર્સ્ટ કાસ માટે ખાસ બનાવાયેલા, દસ મોટા ટોયલેટ-કમ બાથરૂમમાંથી એક ને ખાસ લોક લગાવાયું અને તેની બે ચાવીઓ ટોપીયારાએ શોભનાના હાથમાં આપી અને પછી તેનો એક ગાલ હળવેથી ખેંચી '' એટલું કહી તે ગયો તે ગયોચ પંદર દિવસે સ્ટીમર મુંબઈ પહોંચી ત્યાં સુધી એક પણ વાર ન દેખાયો! જાણે ટોપીયારાના રૂપમાં ભગવાન ન આવ્યા હોય!!

પછીની મુસાફરી બાબુના કુટુંબ માટે જીવનની યાદગાર મુસાફરી હતી. સંસ્કારી કુટુંબ અને ડાહ્યા બાળકો રસોઈ સ્ટાફ સાથે દૂધમાં સાકર ભળે એવી રીતે ભળી ગયા. કહ્યાગરી શોભના અને જ્યુ

અનુસંધાન ૧૫મા પાને






# ઘાટકોપર વૃત્તપત્ર વિક્રેતા સંઘ અને ઘાટકોપર વૃત્તપત્ર વિક્રેતા સેનાએ સંયુક્ત પણે પેપર વિક્રેતાઓનું સન્માન કર્યું



મુંબઈ સહિત દેશભરમાં કોરોના રસીકરણ મોટા પાયે શરૂ થયું છે. કોરોના કાળમાં અખબારોના વિક્રેતાઓએ ઘરે ઘરે અખબાર પહોંચાડતા હતા. મકરસંક્રાંતિ નિમિત્તે ઘાટકોપર અખબાર વિક્રેતા સંઘ અને ઘાટકોપર અખબાર વિક્રેતા સેનાએ સંયુક્તપણે કોરોનની વિકટ પરિસ્થિતિમાં પણ ઘરે ઘરે જઈને અખબાર પહોંચાડવા બદલ પેપર વિક્રેતાને કોરોના વોરિયર ગણાવ્યા હતા જેના માટે તેમનું સર્ટિફિકેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકાશ વાણી, દિપક ગવળી, પ્રકાશ ગિલબિલે, નીતિન રેનુસે, નીતિન ગંભીર, સચિન ભાંગે, કિશોર યેવલે, દિપક પવાર, અંકુશ ખરાત, અશોક શિંદે, યુનુસ પટેલ, દિનકર યેવલે, વિજય કોઠવડે, અશોક હાડે, રવિ મોરનકર, સંતોષ વાઘચોકે, પ્રદિપ અમૃતકર હાજર રહ્યા હતા.





૭૨મા પ્રજાસત્તાક દિનની
હાર્દિક શુભેચ્છા




વોઈસ ઓફ ઘાટકોપરને
૧૪મા વર્ષે પ્રવેશ બદલ ખુબ શુભેચ્છા

ડૉ.મણીલાલ ગડા
M.D., D.P.M.
Senior Consultant Psychiatrist

ડૉ.મંજુલા ગડા
Trustee & Secretary Sulabha Sp.School

ફોન : ૦૨૨-૨૧૦૨૭૬૩૩


ડૉ. દિપ્તી શાહ (ગડા)
Psychiatrist & Child Psychiatrist

ફોન :૦૨૨-૨૫૦૧૯૦૦૧


# કચ્છી કર્મયોગીનું અમૃત મહોત્સવ પુસ્તક

આમ તો મુંબઈમાં સ્થાયી થયા છે, પણ પોતાના વખત કચ્છને કદીએ ભુલ્યા નથી એવા હેમરાજ શાહ વિશે હાલમાં અમૃત મહોત્સવ ગ્રંથ પ્રકાશિત થયો છે. આપણા કચ્છના લોકીની આ ખાસિયાત છે. વિશ્વમાં ગમે તે ખૂણે સ્થાયી થાય, વતનને કદી ભૂલે નહીં. હેમરાજભાઈના હૈયે પણ પોતાનું વતન એ રીતે જ જોડાયેલું છે.

૧૯૪૧ના વર્ષમાં તેમનો જન્મ થયેલો, આજે તેઓ ૮૦માં વર્ષમાં વિહરે છે અને આ વયે પણ સતત સક્રિય રહ્યાં છે. તેમનું વતન કચ્છ-સ્થાયી થયા છે મુંબઈમાં અને તેમનું પત્રકારત્વ, લેખન વગેરે ગુજરાતીમાં ચાલતું રહે છે. આમ તો તેઓ જે. જે. સ્કૂલ ઓફ એપ્લાઈડ આર્ટસના વિદ્યાર્થી છે, પણ લેખનનાં ક્ષેત્રમાં પણ અગ્રેસર છે.




કચ્છના વિવિધ ક્ષેત્રના તારલાને તેઓ 'કચ્છ શક્તિ' એવોર્ડથી સન્માનતા રહે છે અને એ રીતે વતનની તેજસ્વી વ્યક્તિઓને પ્રોત્સાહિત કરતા રહે છે. ૪૦ વર્ષથી તેઓ 'કચ્છ-શક્તિ' ચલાવે છે અખબારોમાં કટારો પણ લખતા રહ્યાં છે. તેમના લગભગ પચાસ પુસ્તકો પ્રકાશિત પણ થઈ ચૂક્યા છે.

અમૃત મહોત્સવ ગ્રંથમા મરાઠી, હિંદી અને અંગ્રેજી લેખો પ્રગટ થયા છે. ઉપરાંત હેમરાજ શાહની વિવિધ પ્રવૃત્તિઓ, સિદ્ધિઓી રંગીન તસવીરો પણ અહીં પ્રગટ કરવામાં આવી છે.

તેમના વિષે જે લેખો અહીં પ્રગટ થયા છે એમાં મહારાષ્ટ્રના રાજકારણમાં અગ્રભાગ બજાવનારા નેતાઓ છે, સાહિત્ય સર્જકો છે તેમજ કચ્છના વિવિધ ક્ષેત્રો સાથે સંકલાયેલા લેખકો છે.

દેશની આર્થિક રાજધાની મહાનગર મોહમયી મુંબઈ નગરીમાં આપણા કચ્છી લોકો બહુ જ મોટી સંખ્યામાં સ્થાયી થયેલા છે. તે આપણે જાણીએ છીએ. ઉપરાંત ગુજરાતીઓનું પ્રમાણ પણ વિપુલ છે. મુંબઈને આર્થિક પાટનગર બનાવવામાં કચ્છી ગુજરાતીઓનો જ ફાલો છે. આ કચ્છી અને ગુજરાતી સમાજને હેમરાજભાઈ એક સૂત્રે બાંધવામાં સફળ રહ્યાં છે.

તેઓ કચ્છ, ગુજરાત અને મહારાષ્ટ્રની પણ વિવિધ સંસ્થાઓઓમાં સંકલાયેલા છે અને તેમની સેવાઓનું સન્માન પણ સમયાંતરે આ સંસ્થા દ્વારા થતું રહ્યું છે. જાણીતા સર્જક નંદકિશોર નોટિયાલે લખ્યું છે કે, રાજકારણમાં મૂલ્યનિષ્ઠાને તેઓ અગ્રસ્થાને લાવવા સતત પ્રયત્નશીલ છે. આ ગ્રંથમાં નોટિયાલનો સુંદર લેખ પ્રગટ થયો છે.

એ જ અખબારના કુમુદ સંઘવી-ચાવરે એ પણ તેમને સાહિત્ય તેમજ સમાજસેવા માટે ગમે ત્યારે ખડેપગે તૈયાર રહેનાર ઘડવૈયા અને સેવક તરીકે

અનુસંધાન ૩૩મા પાને


શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રીમતી મંજુલાબેન તથા શ્રી સોમાલાલ ખેમરામ વ્યાસ મેડીકલ સેંટર

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ભવન, જોષી લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૧ ૨૨૪૫

સમાજ ભવનમાં ચાલતા મેડીકલ સેંટરનું O.P.D. સંપૂર્ણ ક્ષમતા સાથે રાહતના દરે ઉપલબ્ધ સેવાઓ

૧) **''રાઈઝ ઓન શાઈન''** ચાઈલ્ડ ડેવલપમેંટ સેંટર ભણવામાં ઓછુ ધ્યાન હોય તેવા બાળકોની સારવાર એ.ડી.એચ.ડી., ઓટીઝમ, જેવી બીમારીની સારવાર.

૨) **સી.જી. આઇક્લીનીક** – ડો. વી.સી. મહેતાની ટીમ દ્વારા આંખની દરેક પ્રકારની સારવાર – મોતીબીંદુની શસ્ત્રક્રીયા.

૩) **દંત ચિકિત્સા :** કુલ આઠ ડૉક્ટરો (બી.ડી.એસ. તેમજ એમ.ડી.એસ.) દરેક પ્રકારની દાંતની સારવારમાં સેવારત.

૪) **ન્યુરો ઓક્યુપેશનલ થેરેપી – પેરાલીસીસ,** તેમજ મગજના રોગને કારણે શારિરીક તકલીફની સારવાર નિષ્ણાત થેરાપીસ્ટસ દ્વારા.

૫) **ફીઝીઓ થેરેપી વિભાગ,** જેમાં આઠ થેરેપીસ્ટસ સેવારત છે. શરીરના, સાંધાના દુખાવાની સારવાર નિષ્ણાત થેરેપીસ્ટ દ્વારા આપવામાં આવે છે.

૬) વિવિધ રોગોના નિષ્ણાત ડૉક્ટરો અલગ અલગ દિવસે પોતાની સેવા આપવા હાજર હોય છે, જેમાં **સાયકાટ્રીસ્ટ** (માનસિક રોગની સારવાર), **ઓર્થોપેડીક** (હાડકાના રોગ), **ઈ.એન.ટી.** (કાન, નાક, ગળાના રોગની સારવાર, **ડાયાબેટોલોજીસ્ટ** (ડાયાબીટીસના દર્દીઓની સારવાર), **ગાયનેકોલોજીસ્ટ** (સ્ત્રી રોગ-પ્રસુતીને લગતી સારવાર), **ચેસ્ટ ફીજીશીઅન** (ફેફસાના રોગની સારવાર), વી-સેવા માટે ઉપલબ્ધ છે.






૭) **ફેમીલી ફીઝીશીઅન** (એમ.બી.બી.એસ.), સામાન્ય રોગના દર્દીઓને તપાસી દવા પણ આપવામાં આવે છે.

૮) **એક્સ-રે, સોનોગ્રાફી, સીટી સ્કેન, એમ.આર.આઇ.,** વી ઘાટકોપરની સુપ્રસિધ્ધ લેબોરેટરીમાં રાહતના દરે કરી આપવા 'સમાજ'માં સેવા ઉપલબ્ધ છે.

૯) **પેથોલોજી કલેક્શન વિભાગ** – ઘાટકોપરની ખૂબજ નામાંકિત લેબોરેટરી દ્વારા આ સેવા સમાજ ભવનમાં ઉપલબ્ધ છે.

૧૦) **ઓક્સીજન સીલીંડર સેવા** (૨૪ કલાક ઉપલબ્ધ), તેમજ મેડીકલ પલંગ (ફાઉલર બેડ), વ્હીલચેર, કોમોડ ચેર, વી. પણ 'સમાજ દ્વારા વપરાશ માટે આપવામાં આવે છે.

ઉપરોક્ત સર્વે સેવાઓનો લાભ જાહેર જનતા માટે સવારે ૮.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી ઉપલબ્ધ હોય છે. વધુ વિગત માટે 'સમાજ'ના મેડીકલ સેંટરનો સંપર્ક કરવા વિનંતી. પ્રતિવર્ષ એક લાખથી વધુ લોકો મેડીકલ સેંટરનો લાભ લે છે.

સમાજની ઈતર પ્રવૃત્તિઓ :– • સમાજ દ્વારા સંસ્કૃત ભારતીના ઉપક્રમે તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૧ના દિને ભગવત ગીતાના પાંચમા અધ્યાયના પઠનની સ્પર્ધા • સમૂહ યજ્ઞોપવિત – સમૂહ લગ્નનું આયોજન રવિવાર તા.૨૫-૪-૨૦૨૧ના દિને • કમ્પ્યુટર ક્લાસીસ તા.૧લી ફેબ્રુઆરી ૨૦૨૧થી શરૂ થશે. • જ્યોતિષવિદ્યાના વર્ગો ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. વધુ વિગત માટે સમાજ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી. ફોન : ૨૫૦૧૦૯૪૬

# શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ : નાનકડા બીજથી વટવૃક્ષ બનેલ ઘાટકોપરની માતબર સંસ્થાની ૭૫ વર્ષની સંઘર્ષ-સેવા અને સદ્‌ભાવનાની અનેરી સફર

વોઈસ ઓફ ઘાટકોપરની પહેલ-ઘાટકોપરનાં સંભારણાં, જે સોનેરી અક્ષરોમાં લખી શકાય, તે કડીમાં શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજનાં આગેવાન જ્યોતીન્દ્રભાઈ દવેનો સંપર્ક કરાતાં તેમણે વિચારને આવકારી સમાજની 'અમૃત કથા'



શ્રી જ્યોતીન્દ્ર જ. દવે

વોઈસ ઓફ ઘાટકોપરને જણાવેલ. ૧૬ વર્ષ સમાજમાં પ્રમુખ પદે રહી તેમણે સંસ્થાની પ્રગતિને વેગવંત બનાવવામાં સિંહફાળો આપ્યો. વર્ષ ૨૦૧૯માં સમાજ અમૃત મહોત્સવની ઉજવણી તેમની આગેવાનીમાં થઈ. સમાજની સ્થાપના અને વટવૃક્ષ બનાવનાર પાયાનાં પથ્થરો અંગે અહીં ટૂંકમાં વિગતો પ્રકાશિત કરાઈ છે.

વર્ષો પહેલાં વાવેલું નાનકડું બીજ ૭૫ વર્ષનીસંઘર્ષ-સેવા અને સદ્‌ભાવની સફર વર્ષ ૨૦૧૯માં પરિપૂર્ણ કરી. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની સ્થાપના દિવંગત વડીલોએ વિ.સ. ૨૦૦૦માં રામનવમીના દિવસે કરી હતી.

'સમાજ'ની દીર્ઘકાલીન સફરમાં પ્રારંભિક સમય પ્રવૃત્તિઓનું સંકલન બચુભાઈ વૈષ્ણવ તથા પ્રભાશંકર મહેતાના ઘરેથી થતું હતું. એ પછી પ્રણેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં ૧લા માળે નાની રૂમમાંથી પ્રવૃત્તિઓનું સંચાલન થયું. બચુભાઈ વૈષ્ણવના સંનષ્ઠિ પ્રયાસો તથા અન્ય વડીલના સહયોગથી 'સમાજ'ની બે મજલી ઈમારતનું નિર્માણ થયું અને આજે જે ભવ્ય ઈમારત નિર્માણ પામી છે. એનો પાયો ત્યારે નંખાયો હતો એમ ગર્વભેર કહી શકાય. ઘાટકોપર પરિસરમાં વસતા ગુજરાતી બ્રાહ્મણ પરિવારોને એકત્રિત કરી, એક છત્ર નીચે સેવા પ્રવૃત્તિઓનું સંકલન કરવાનો પાપન આશય રહ્યો હતો.

'સમાજ'ની બે મજલી ઈમારતના નિર્માણ પછી પ્રવૃત્તિઓનો વિસ્તાર થવા માંડ્યો. શૈક્ષણિક સહાય, આરોગ્ય સહાય, હોમીઓપેથીક





દવાખાનું વગેરે મહિલા સમિતિ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ વિસ્તરવા લાગી.

**સ્વ. શ્રી અમૃતલાલ પોપટલાલ ઓઝા :**

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ તેમજ સમસ્ત બ્રાહ્મણત્વના



અને માનવતાના દરેક કાર્યને પિછાની તેઓ તેના સાચા રાહબર, પ્રશંસક અને સહાયક રહ્યાં હતા. તેઓ બ્રાહ્મણ જ્ઞાતિરત્ન હતા.

**શ્રી બચુભાઈ કલ્યાણરાય વૈષ્ણવ :**




તેઓશ્રીએ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની સ્થાપનાનું બીડુ ઝડપ્યુ હતુ અને વિ.સ. ૨૦૦૦ની સાલમાં રામનવમીના પવિત્ર દિને શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની સ્થાપના થઈ. ત્યાર બાદ 'સમાજ' બે મજલી બનાવવા તેઓએ ભેખ લીધો હતો. જ્યાં સુધી 'સમાજ'નું મકાન નહી બને ત્યાં સુધી 'પગરખા નહીં પહેરૂ, દાઢી નહી કરૂ અને ટોપી નહી પહેરૂ.' તેમની પ્રતિજ્ઞા પૂરી થઈ હતી. અને મકાન બન્યું. સમયાંતરે સમાજની ભવ્ય ઈમારતનું નિર્માણ થયું જેનાં પાયામાં બચુભાઈ તથા અન્ય વડીલોની પરિશ્રમ છુપાયેલો છે.

**સ્વ. પુરૂષોત્તમદાસ ઉત્તમરાવ ઉપાધ્યાય :**



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સ્થાપકોમાંના તેઓ એક હતા. 'સમાજ'ની સ્થાપનામાં તેઓશ્રીનો સીં હફાળો હતો. તેમના દૂરંદેશીભર્યા દ્રષ્ટિકોણથી 'સમાજ'ના અનેક કાર્યો આગળ વધ્યા હતા. જેનું સ્મર કરવું જ રહ્યું. એમના પુત્ર ભાસ્કરભાઈ, પિતાના પવિત્ર પગલે ચાલીને શ્રી ઘાટકોપર સમાજમાં તેઓશ્રી પણ સેવા સમર્પિત રહ્યાં હતા.

**સ્વ. જટાશંકર પોપટલાલ પંડ્યા:**



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સ્થાપક સભ્યોમાંના એક પૂ. જટુકાકા સંપૂર્ણ પણે 'સમાજ'ના કાર્યોમાં સમર્પિત હતા. તેમની વ્યવહાર કુશળતા, વહીવટની કુનેહ તથા સામાજીક સંપર્કો દ્વારા સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત શ્રમયજ્ઞ, ગુંડાઓ સામનો અને સામાજીક સમસ્યાઓના ઉકેલ માટે ઉત્તમ પુરૂષાર્થ કર્યો હતો.

**સ્વ. બચીબાઈ પારપીઆ:**



જેમની અંતિમ ઈચ્છા મુજબ પ્રાણેશ્વર મહાદેવ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજને મકાન બાંધવા માટે આશરે ૫૭૫ ચોરસ વાર જમીન નજીવા વાર્ષિક ભાડાથી લાંબા પટ્ટે (લીઝ) આપી છે.




# સૌને ૭૨મા પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામના

## વોઈસ ઓફ ઘાટકોપર ને ૧૩મી એનીવર્સરીની

## હાર્દિક શુભેચ્છા




શુભેચ્છક

## શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ

**હિંગવાલા લેન, પૂજ્ય ડુંગરસિંહજી મહારાજ ચોક, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૧૨૬૯૧**

ટ્રસ્ટી-પ્રમુખ : શ્રી બિપીનભાઈ ગગુભાઈ સંઘવી
ટ્રસ્ટીઓ : શ્રી અનિલભાઈ નંદલાલ સુતરીયા
શ્રી કિર્તીભાઈ જયંતિલાલ કોઠારી
શ્રી મુકેશભાઈ ચીમનલાલ કામદાર
શ્રી દિલીપભાઈ રતિલાલ ગાંધી
ઉપપ્રમુખ : શ્રી લલિતભાઈ મણીલાલ ઠક્કર
શ્રી મનસુખલાલ વચ્છરાજ કોઠારી
મંત્રીઓ : શ્રી ભરતભાઈ જયવંતભાઈ જસાણી
શ્રી દર્શકભાઈ મહેશભાઈ રૂપાણી
શ્રી અશોકભાઈ લાભુભાઈ તુરખીયા
શ્રીમતી છાયાબેન પ્રવર કોટીચા
ખજાનચી : શ્રી નિતીનભાઈ જેચંદભાઈ બદાણી

કારોબારી સભ્યો : શ્રી કેતનભાઈ હસમુખભાઈ દોશી
શ્રી વિનોદભાઈ નાનચંદ લાખાણી
શ્રી નરેશભાઈ ચીમનલાલ સંઘવી
શ્રી વિપીનભાઈ સાકરચંદ સંઘવી
શ્રી વિરેશભાઈ હિંમતલાલ જસાણી
શ્રી શ્રેણિકભાઈ સુધીરભાઈ ગાંધી
શ્રી જયેશભાઈ ગુલાબચંદ ગાંધી
શ્રીમતી હર્ષાબેન અશોકભાઈ પારેખ
શ્રીમતી રેખાબેન રમેશભાઈ શેઠ
કો-ઓપટેડ કારોબારી સભ્યો : શ્રી ઉર્વીશભાઈ આર. વોરા
શ્રી હરેશભાઈ એસ. અવલાણી

**ચૈત્ર માસ ૨૦૨૧ આયંબીલ ઓળી ગોંડલ સંપ્રદાયના શાસ્ત્ર વિશારદ પ.પુ.મનોહર મુની મ.સા.**
**૨૦૨૧ ચાતુર્માસ ચંપકગચ્છ નાયક તપસ્વી રાજ પ.પુ.પારસમુની મ.સા. આદિ ઠાણા.**

# વોઈસ ઓફ ઘાટકોપર ક્લાસિફાઈડ્સ

એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

જાહેરખબરના દર
ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
–: ઓફિસ :–
એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪
voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય. – સંચાલક

## જમીન મિલ્કત

**ખેડુત બનવાની**
ઉત્તમ તક, સરકારમાન્ય કાયદેસર ખેડુત નિર્માણ ગ્રુપ. **98204 41241. www.nirmaangroup.in** (1940)538

## ખાનપાન

**શિયાળામાં ઊંધીયુંનો સ્વાદ માણો**
રોજ સ્વાદિષ્ટ મસાલેદાર ચટાકેદાર જૈન ઊંધીયું ૧ કિલો પેકીંગ સાઉથ મુંબઈ. ફ્રી ડિલિવરી ચિરાગ સંગોઈ ૯૬૯૯૭૭૯૯૯૭ (1933) 546

## ધંધાદારી

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**
૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈંજેક્શનથી – ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

**એકાઉન્ટ્સ**
કંપનીઅને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીર્ટન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** 1917( 574)

**DIAPER TO HOME**
Home Delivery Multiple Brands, Adult Diapers, Pull Up Pants, Baby Diapers Contact : **Neena 88797 17871, Deven 99204 70204.** 1922(553)

**ફ્રીજ, વોશીંગ મશીન**
માઈક્રોવેવ, ડ્રાયર, IFB, Seimens રપેરીંગ (વિઝીટીંગ ચાર્જ રૂા.૩૦૦) માટે સંપર્ક **સચિન શાહ : 9320982123, 9869126381, 90048 38335.** (1921)541

**જુના કપડા વેચાતા લેશું** જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ 9833237011** (1947)549

Mediclaim Expert Claims Settlement Rejected/ Delayed Claims. Policy From All Companies Covered. Contact Expert: **98208 53112** (1946)549

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**
જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## રીયલ એસ્ટેટ

**Tirupati Realtors**
Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**શૈલેષ વોરા**
**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**
ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, દાદરથી થાણા**
ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા – વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 93211 03249.** (1916)573

**AdiDev Property**
Purchase, Sale or Rent-Flats, Commercial Property or Bungalows in South Mumbai and Lonavala. **9594796032.** (1934)586

**GHATKOPAR EAST**
Available on Rent 1bhk converted 325 sq. Feet. M.G.Road, Opp Haribhai Kandoi,Near station and Market contact - owner **97738 39999/ 9969039260** (1935)547

દુકાન ભાડેથી, ૨૭૫ કાર્પેટ, ભાજી માર્કેટ, આર.આર.ટી. રોડ, મુલુંડ (પ). **સંપર્ક : 8369147046** (540)

**ગોવંડી ઈસ્ટ**
સત્યમ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ગોડાઉન ફેક્ટરી ઓફિસ લાયક બંન્ને બાજુથી લોરી ટચ ગ્રાઉન્ડ ફ્લોર માં કારપેટ એરિયા ૫૦૦ ફૂટ નો ઈન્ડસ્ટ્રીયલ ગાળો વેચવાનો છે સંપર્ક ઓનર : **9324367052** (552)

**વોઈસ ઓફ ઘાટકોપર**
**ફોન : 40229684**
**9022279684**

## મહિલા માટે

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (1888)545

## મનોરંજન

ગુજરાતી ફ્રેંડશીપ ક્લબ ખાસ વ્યાપારીઓ માટે મુંબઈમાં એકલી રહેતી દેખાવડી પૈસાદાર (NRI) મહિલાઓ જોડે મનગમતું મનોરંજન મિત્રતા+કમાણી ૧૫૦૦૦થી ૨૫૦૦૦ રોજ સંપર્ક **મનસુખભાઈ (કાકા) - 88282 70346. gujarati clubs@gmail** (1928)545

## નોકરી સંબંધી

ઓફિસ સંભાળવા માટે, અંગ્રેજી અને કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા ફિમેલ, જોઈએ છે. **તન-મન ટ્રાવેલ્સ:9869017285** (540)

**Voice Of Ghatkopar**
**Leading Weekly Newspaper Publish on Every Friday "VOGnewsLive"**

**Classifieds Special Offer**
**For 3,6,9,12 Months**
**upto 15 Words Rs100/- after that per word Rs4/- Max. 100 words**

**Pay For 9 Get 4 Free = Total 13 Advertisement**
**Pay For 18 Get 8 Free = Total 26 Advertisement**
**Pay For 27 Get 12 Free= Total 39 Advertisement**
**Pay For 36 Get 16 Free = Total 52 Advertisement**

**Payment Terms :**
- 5%GST Applicable
- Full Payment in Advance
- No Cancellation of Advertisement in any Circumstances
- If Cancelled Amount Paid will not be Refunded.

**Contact :**
**Sinjal 8655185667**
**Jatin 9022279684**

**Offers for Display**
**Advertisement Also Available**

**સુવર્ણ તક સુવર્ણ તક**
માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી
**માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક**
નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો
**MEHTA ENTERPRISES**
10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.
**9967421409 / 8291440870 / 7623901554**

**એડલ્ટ ડાયપર માટે**
**અંબિકા ટ્રેડીંગ કાં.**
**દરેક પ્રકારના એડલ્ટ કેર પ્રોડક્ટ**
**હોલસેલ તથા રીટેલ ભાવે આપના ઘરે મળશે**
એડલ્ટ ડાયપર (M/L/X/L) હોલસેલ ભાવે મળશે
**ફ્રી હોમ ડિલિવ્હરી**
**9323507848**
**9619907848**

## કચ્છી કર્મયોગી

૩૦મા પાનાથી ચાલુ

બિરદાવ્યા છે. જ્યારે પત્રકાર અનુરાગ ત્રિપાઠીએ પણ તેમની કર્મનિષ્ઠાને બિરદાવી છે.

આ ઉપરાંત મુંબઈ અને મહારાષ્ટ્રના ક્ષેત્રો સાથે સંકળાયેલી મહારથી કહી શકાય એવી વ્યક્તિઓ હેમરાજભાઈની કાર્યશક્તિ, નિષ્ઠા, સેવાભાવના શક્તિ અને સામર્થ્યને બિરદાવતા લેખો પણ આ ગ્રંથમાં સમાવવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના પ્રધાન મંડળમાં રહેલા એવા અજિત પવાર, છગન ભુજબળ, આર.આર.પાટિલ, અરૂણ ગુજરાથી વગેરે ઉપરાંત મંગેશ પાડગાવકર, ભરતકુમાર રાઉત, દિનકર રાયકર, પ્રકાશ કુલકર્ણી, વિનાયક પાત્રુડકર, રાધાકૃષ્ણ નાર્વેકર, પદ્મભૂષણ દેશપાંડે, બાળ દેશપાંડે, દિલીપ ચાવરે, મંદાર પુરકર, પદ્માકર કાયદે યોગેશ ત્રિવેદી, વસંત પિટકે, પ્રશાંત ડિંગણકર, અરૂણ કુલકર્ણી વગેરેના તાજા તેમજ અન્ય લેખો આ ગ્રંથોમાં છે.

આ ઉપરાંત અંગ્રેજીમાં લેખ લખનારા પ્રકાશ જોશી, પરીક્ષિત જોશી, એલ.ડી.દેવાણીના લેખો છે. આ ગ્રંથ સુંદર બહુરંગી આર્ટ પેપર ઉપર એકદમ સુવડ રીતે છાપવામા આવ્યો છે અને એના પરથી કચ્છના અમૃત એવા હેમરાજ શાહના જીવનનો પરિચય મળી શકે છે.

કર્મયોગી હેમરાજ, અમૃત મહોત્સવ ગ્રંથ, સંપાદક-અરૂણ ગુજરાથી, પ્રકાશક રેખા પ્રકાશન, ૪૧ કરેલવાડી ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦૦૦૨

નોંધ : તેમના અમૃત મહોત્સવ પ્રસંગે આરંભમાં શ્રી શરદ પવાર ઉપસ્થિત રહ્યાં હતા અને વર્ષ પુરૂ થયું ત્યારે શ્રી ઉદ્ધવસાહેબ ઠાકરે પધાર્યા હતા.

## શૈક્ષણિક

**RAJ COMPUTERS ACADEMY**
Learn Ms-Office, Adv-Excel, Tally With Gst, Graphic Designing, Web Designing, Digital Marketing, C, C++, Java, Python Etc **Contact Chintan Sir- 80975 09493** (1929) 546


સૌને ૭૨મા પ્રજાસત્તાક દિનની શુભકામના
૧૩મી એનીવર્સરીની
વોઈસ ઓફ ઘાટકોપરને શુભકામના
દરેક ક્ષેત્રમાં સફળતાના શિખર સર કરો એવી શુભેચ્છા...
શ્રી યોગેશ બાવીસી


૭૨મા પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભેચ્છા
Happy Republic Day
વોઈસ ઓફ ઘાટકોપરને ૧૪મા વર્ષે પ્રવેશ બદલ ખુબ ખુબ શુભેચ્છા
જેજેસી - રોયલ જગડુશા
• પુષ્પક જ્વેલર્સ, ૧૪-બી, ગાયત્રી ધામ શૉપિંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (પૂ.), મુંબઈ - ૭૭. ફોન : ૬૭૫૫ ૧૯૫૫
• રમેશ સ્ટોન, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈ.), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૧૦૪૨૦
શુભેચ્છક : પ્રમુખ શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ દેઢિયા
શ્રી ભરત વોરા • શ્રી મિતેષ અંબાવી • શ્રી કેતન છેડા • શ્રી ભૂપેન્દ્ર કોઠારી • શ્રી સંજય ભણશાલી • શ્રી હિરેન કેનીયા

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



# સારા વિચારોનુ વાવેતર કરી મબલખ ઉત્પાદન મેળવીએ

આજે આપણે જોઈએ છીએ કે દરેક માણસ જાત જે કંઈક કરે છે તે મગજ થી વિચારીને કરતો હોય છે, તેને શુ સારૂ કરવુ કે શુ ખોટુ કરવુ તે એક વિચારવાની શક્તિ મોથી પ્રગટ થાય છે, કોઈ પણ બાબતે વિચાર કરીએતેના સાથે રહીને તેના અનુલક્ષી કાર્ય કરવામો મહત્તવ્વતા ધરાવીએ છીએ. જેમો કેટલાક લોકોનુ માનવુ એવુ છે કે વિચાર નુ કંઈ મહત્વ હોતુ નથી પણ કાર્ય નુ મહત્વ હોય છે કેમકે કોઈ પણ પ્રકાર ની સફળતાનુ પરીણામ વિચાર કરવાથી કરવાથી નહી પણ કાર્ય કરવાથી સફળ થાય છે કેમકે વિચાર કરીએ અને કામ ના કરીએ તો કંઈ કામ નુ નથી પણ વિચાર કરીને તેમની સાથે સંકળાઈને કામ કરતા રહેવુ જોઈએ તોજ યોગ્ય સફળતા મળી શકે છે બીજી તરફ જોઈએ તો કોઈ કાર્ય કરવાથી સફળતા મળે છે તે વાત તદ્દન ખોટી અને બનાવટી છે કેમ કે કોઈ પણ કાર્ય કરવાની શરૂઆત હંમેશા વિચાર કરવાથી થાય છે, સારો વિચારએ મજબુત ઈમાર નો પાયો છે જેથી ગમે તે વિચાર પહેલો મગજ મો પ્રગટ થાય છે પછી જ તે વિચાર યોગ્ય આયોજનો કરીને કાર્ય કરવા તરફ આગળ વધતુ હોય છે.

આજના યુવાનો મો ત્રીજા ભાગના યુવાનો નકારાત્મક વિચારો કરતા હોય છે, જેનાથી તેમના જીવન પર ખરાબ અસર પડવાની સંભાવના રહેતી હોય છે જેથી દરેક જીવે નકારત્મક વિચાર કરવાને બદલે હકારાત્મક , ઉચ્ચ, આશાવાદી, અને સર્જનાત્મક વિચાર કરવા જોઈએ જેથી તે યુવાન સાચા અને સારા માર્ગે જવામો સફળતા હાસીલ કરી શકે છે આપણા મનમો કદિયે ખોટા વિચાર ના આવવા જોઈએ જેમકે ''હુ ખોટો માણસ છુ'' ''હુ બદ નસીબ છુ'' આવા નકારત્મક વિચારો આપણા મનમો ભુલે-ચુકે પણ ના આવવા જોઈએ તેની દરેક યુવાને આ જીવન દરમીયાન તકેદારી રાખવાની જરૂર છે આવા ખરાબ વિચારો મગજમો સંગ્રહી રાખવા એ ખુબ જ નુકશાન કારક છે. મનમો ઉત્પન્ન થયેલ ખોટો વિચાર કોઈક વાર આપણા હાથે ખોટુ પગલુ ભરવામો પણ મદદરૂપ થાય છે જેથી જીવન મો આગળ વધવુ હોય અને આનંદ સાથે જીવન ગુજારવુ હોય તો આપણા મગજ મો હકારત્મક વિચારો જ કરવા જોઈએ, ખરાબ વિચારો કરવા થી આપણે આપણા જીવન મો બુરાઈ ને પ્રવેશવા મો મદદરૂપ થતા હોયએ છીએ, જેમકે જુગાર, દારૂ, વ્યસન વગેરે જેવી અનેક પ્રકારની ખરાબ સોબત તરફ ધકેલાય જતા હોય છે જેથી આવા યુવાનો બરબાદ થઈ જતા હોય છે. ખરાબ વિચાર કરવાથી આપણે વિનાશ ને નોતરૂ આપીએ છીએ એમ માની ખરાબ વિચાર કરતો અટકી જવુ જોઈએ અને સારી વિચાર ધારા પ્રગટકરવાના પ્રયત્નો કરવા જોઈએ.

દરેક માણસ જાત નુ નસીબ કઈક ભગવાન લખીને આપતો નથી પણ નસીબ ની ડાયરી જાતે જ લખવી પડતી હોય છે આપણુ નસીબ બદલવાની કે ચમકાવવાની સત્તા આપણા હાથમો છે, આપણે આપણુ નસીબ બદલવા માટે કોઈના પાસે નસીબની ભીખ માંગવાની જરૂર નથી પણ જો સારા વિચારોની હારમાળા તમારી પાસે હોવા જોઈએ તે જરૂરી છે તો આપણે આપણા વિચારો પર કાબુ મેળવશો તો જ યોગ્ય રીતે સફળતા પ્રાપ્ત કરી શકીશુ.

જે માનવીના મન પર ખરાબ વિચારોનુ વંટોળ વચ્ચે વિટાઈ જાય છે ત્યારે તે કઈ સારુ કરી શકવાને લાયક રહેતો જ નથી, તેના માનસીક પર સંતુલન અસર થાય છે. જેથી માનવી કે આવા વંટોળ આવે ત્યારે તેનો સામનો કરવા તૈયારી રાખવી જોઈએ તે માટે સતત સારા પ્રકાર ના વિચાર કરીને જીવન ઘડતર માટે ના પ્રયત્નો કરવા જોઈએ.

જીવન મો હંમેશા આળસ થી ભરેલા કે નકારત્મક વિચાર આપણા મગજ મો પ્રવેશી જશે તો આવા પ્રકારના એક ની સાથે અનેક પ્રકાર ખરાબ વિચારો નો અડ્ડો જમાઈ જશે પછી કાયમી આવા નકારાત્મક વિચારો કરવાથી આપણા મગજ ને નશો થઈ જશે, જેથી આપણા સાથી મીત્રો-સ્નેહીજનો આપણાથી નફરત કરીને દુર થવા લાગશે જેથી આપણે આપણા મનમો કદી પણ ખરાબ પ્રકારના વિચારો પ્રવેશવા દેવા જોઈએ નહી આવા વિચારો થી દુર રહેવા માટે હકારત્મક વિચારો ઉત્પન્ન થાય તેવા પુસ્તકો ગ્રંથો નુ વોચન કરવુ જોઈએ, સારા મીત્રો, માતા પિતા, ગુરૂ જી ની સોબતમો રહેવુ જોઈએ, તો જ આપણા માનસ મો સારા વિચારો ઉતપન્ન થશે તોજ આપણે આપણા નસીબ ની ડાયરી લખવા મો સફળતા પ્રાપ્ત કરી શકીશુ.

વિચારો હંમેશા ઈર્શા, અદેખાઈ, ચોરી, જુઠ, ક્રોધ, સ્વાર્થ, નુકશાન, માંદગી,દુ:ખ, અસફળતા, ભય વગેરે હાનીકારક નકારત્મક વિચારો કરવાને બદલે પ્રેમ,સફળતા, નિર્ભયતા, સુખ, શાંતિ,સાહસ, લોક પ્રિયતા, સત્ય અંગેના સર્વોત્તમ સર્જનાત્મક, હકારાત્મક વિચારો ને આપણા મનમો સ્થાન આપવુ જોઈએ, સારા વિચારો એ સુખ ની ચાવી છે.

આપણા જીવન દરમિયાન કયારેય પણ કોઈ ખરાબ વિચાર આવે તો સમજી લેવુ જોઈએ કે તે આપણી કોઈ નીસ્ફળતા થવાની સંભાવના છે. જો કોઈ ખરાબ કે સારો વિચાર આવે તો તુરંતજ આપણા વડીલો, સબંધી, માતા-પિતા, ગુરૂ જી ને તે વિચાર બાબતે રજુ કરવુ જોઈએ,જો કોઈ વિચાર આપણે આપણે આપણા મનમો દબાવીને છુપાવેલો રાખશો તો તેનાથી કોઈ સફળાતા પ્રાપ્ત થશે નહી, આપણા મન મો આવેલો વિચાર દબાવેલો રાખશો તો તેનાથી આપણી માનસીક તબીયત પર અસર વર્તાશે જેથી આપણા ભવિસ્યને નુકશાન થવાની સંભાવના રહેશે.

મીત્રો આપણે ઉચ્ચા ક્ક્ષાએ પહોચવાની તમન્ના હોય તો ટુંકા વિચારોને આપણા મગજ મો કદાપી સ્થાન આપશો નહી તેમજ આપણે પોતે મહાન, સ્રેશઠ, વ્યક્તિત્વ ધરાવીએ છીએ તેમ પોતાની જાતને ઓછી કિમતમો ઓંકશો નહી, આપણે પોતાની જાતને અશક્ત, દુર્બળ, નિમ્ન કક્ષા ની માનશો નહી જો આવા નકારાત્મક વિચાર કરશો તો કદિયે ઉચ્ચ કક્ષા સુધી પહોંચીશકતા નથી જેથી તમામ બાબતો મો પોતાની જાત ને સ્રેશઠ, મહાન તેમજ ઉત્તમ માનશો તેમજ પોતાના માટે ઉત્તમ વસ્તુઓની આશા રાખો, જીવન મો કદાપી એવુ ના વિચારો કે જે તમને નિમ્ન સ્તર સુધી ખેચી જાય.

હંમેશા એવુ વિચારો કે અમો નાના ગરીબ પરિવાર મોથી જન્મીને મહાન કામ કરી દેશ અને સમાજ ના હિતાર્થે જીવન જીવી શકીએ એવા હકારાત્મક વિચાર સરણી મગજ મો ઉત્તપન્ન થવી જોઈએ.

જીવન મો હંમેશા નાકારાત્મક વિચાર કરશો નહી જે તમો ને બરબાદી તરફ ધકેલી શકે છે જેનાથી તમોને ખુબજ મોટુ નુકશાન થવાની સંભાવના રહેશે જેથી હંમેશા હકારાત્મક અને સારૂ વિચાર કરશો જે એક નહી પણ અનેક લોકોને લાભદાઈ થાય, સારા વિચાર કરનાર વ્યકતિ હંમેશા મહાન સ્થાન પ્રાપ્ત કરી શકે છે.








શિવસેના પ્રણિત શિવ સામર્થ્ય સેનાના અધ્યક્ષ સંદીપ ભોજ, સરચિટણીસ સુરેન્દ્ર સકપાળના માર્ગદર્શન હેઠળ વિવિધ પદો પર નિયુક્તીઓ કરવામાં આવી હતી જેમાં પ્રદીપ સકપાળની ઈશાન્ય મુંબઈના જિલ્લા અધ્યક્ષપદે, વિજય બાંદેકરની પૂર્વ અધ્યક્ષ પદે નિયુક્તી કરવામાં આવી છે. અજય પેવેકરની શિવ સામર્થ્ય સેના ફિટનેસ તજ્ઞ તરીકે નિયુક્તી કરવામાં આવી હતી.



ઘાટકોપર યુવક કોંગ્રેસના કાર્યકર્તાઓએ મનસે વિભાગ અધ્યક્ષ ગણેશ ચુક્કલની આગેવાનીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનામાં જાહેર પ્રવેશ કર્યો હતો.



ઘાટકોપર પોલીસ સ્ટેશનના નવનિયુક્ત વરીષ્ઠ પોલીસ નિરીક્ષક જીતેન્દ્ર આગરકરને ઘાટકોપર ઈસ્ટના સ્થાનિક શિવસેનાના કાર્યકરોએ તેમને ગુલદસ્તો આપી શુભેચ્છા આપી હતી.


સૌને ૭૨મા પ્રજાસત્તાક દિવસની
હાર્દિક શુભકામના
વોઈસ ઓફ ઘાટકોપર ને
૧૩મી એનીવર્સરીની
હાર્દિક
શુભેચ્છા
HAPPY
REPUBLIC
DAY
શ્રી રાજાભાઈ મીરાણી


સૌને
પ્રજાસત્તાક દિનની
હાર્દિક શુભેચ્છા
AdisHAN®
Make Your Clean Investment
૧૪માં વર્ષે પ્રવેશ નિમિત્તે
વોઈસ ઓફ ઘાટકોપરને શુભકામના
"YOUR ONE STOP FOR ALL CLEANING NEEDS"
PADMAVATI
HOME CLEANERS
"YOUR ONE STOP FOR ALL CLEANING NEEDS"
Address: Mfg. & Marketed By.:
PADMAVATI HOME CLEANERS
Gala No-H-5,27-ACRE, Kothari Compound, Tikujini-wadi Road, Chitalsar above Rajdhani Food Corner, Manpada, Thane(w) - 400607.
Mobile : 99306 91984 / 99203 40150 / 90293 96575
Email: padmavatihomecleaners@gmail.com
Website: www.adishanonestop.com
Follow Us On :
Quick
Reliable
Safe.

# યાદ રાખજો... સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિને તિરંગો ફરકાવવામાં છે આ મોટા ૭ તફાવત, છે દરેકનું મહત્વ

શું તમે જાણો છો કે પ્રજાસત્તાક દિન (૨૬ જાન્યુઆરી) અને સ્વતંત્રતા દિન (૧૫ ઓગસ્ટ) પર ધ્વજ ફરકાવવામાં શું અંતર છે? તો ચાલો અમે તમને જણાવીએ કે બંને દિવસો વચ્ચેના અંતરની આ ૭ ખાસ વાતો

પ્રથમ અંતર : ૧૫ ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિને તિરંગાને નીચેથી દોરડા દ્વારા ખેંચીને ઉપર લઇ જવામાં આવે છે, પછી તેને ખોલીને ફરકાવવામાં આવે છે જેને ધ્વજારોહણ કહેવામાં આવે છે. કારણ કે તે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ની ઐતિહાસિક ઘટનાને સન્માન આપવાના હેતુથી કરવામાં આવે છે. તે સમયે વડાપ્રધાને આ જ પ્રકારે ધ્વજ ફરકાવ્યો હતો. બંધારણમાં તેને Flag Hoisting (ધ્વજારોહણ) કહેવામાં આવે છે.

જ્યારે ૨૬મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિને તિરંગો ઉપર જ બાંધેલો હોય છે, જેને ખોલીને ફરકાવવામાં આવે છે. બંધારણમાં તેને Flag Unfurling (ધ્વજ ફરકાવવો) કહેવામાં આવે છે.

બીજુ અંતર : ૧૫મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન જે કેન્દ્ર સરકારના પ્રમુખ હોય છે, તે ધ્વજારોહણ કરે છે. કારણ કે સ્વતંત્રતા દિને ભારતનું બંધારણ લાગુ થયું ન હતું અને રાષ્ટ્રપતિ જે રાષ્ટ્રના બંધારણીય પ્રમુખ હોય છે, તેમણે પદભાર ગ્રહણ કર્યુ ન હતું. આ દિવસે સાંજે રાષ્ટ્રપતિ પોતાનો સંદેશ રાષ્ટ્રના નામે આપે છે. જ્યારે ૨૬ જાન્યુઆરીએ જે દેશમાં બંધારણ લાગુ થવાના ઉપલક્ષ્યમાં ઉજવવામાં આવે છે, તે દિવસે બંધારણીય પ્રમુખ રાષ્ટ્રપતિ ધ્વજ ફરકાવે છે.

ત્રીજુ અંતર : સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પર ધ્વજારોહણ કરવામાં આવે છે જ્યારે પ્રજાસત્તાક દિને રાજપથ પર ધ્વજ ફરકાવવામાં આવે છે.

ચોથુ અંતર : સમગ્ર ભારતમાં ગણતંત્ર દિવસને વધુ ધામધૂમથી ઉજવવામાં આવે છે જ્યારે પ્રજાસત્તાક દિનની સરખામણીમાં સ્વતંત્રતા દિવસે આમ નથી થતું.

પાંચમું અંતર : પ્રજાસત્તાક દિને દેશ પોતાની સૈન્ય તાકાત અને સાંસ્કૃતિક એકતા દર્શાવે છે. જ્યારે સ્વતંત્રતા દિને આવું નથી થતું.

છઠ્ઠુ અંતર : ૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિને સમારોહના મુખ્ય અતિથિ આવે છે જ્યારે સ્વતંત્રતા દિને આમ નથી થતું.

સાતમુ અંતર : ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગસ્ટ બંને રાષ્ટ્રીય પર્વ છે. ૨૬ જાન્યુઆરીને ગણતંત્ર દિવસ કહેવામાં આ છે અને ૧૫ ઓગસ્ટને સ્વતંત્રતા દિવસ કહેવામાં આવે છે.

# સોશ્યલ મિડીયા શીખીને લોકડાઉનમાં પણ ધર્મપ્રભાવના કરનાર માયાબેન મારૂ

**અનેરી દેઢિયા દ્વારા**





લોકડાઉન દરમ્યાન બહાર જવાની પરવાનગી ન હતી. તે સમયે પણ બહેનોને વોટ્સએપ ગ્રુપનાં માધ્યમે સામાયિક અને જાપની પ્રવૃત્તિઓ માયાબહેન મારૂએ કરાવી છે. જૈન અધ્યાત્મમાં ૧૫ ધોરણ- ૪ કર્મગ્રંથ શીખેલ માયાબેન એ ૩૫ વર્ષની ઉંમરથી જ ધર્મપ્રત્યે રૂચી લઈ ભણવાનું શરૂ કરેલ. તેઓ અનંત દિવ્ય લબ્ધી ગૌતમ સ્વામી મંડળ, પાર્શ્વગુણ જિન પુજા મંડળ, પંતનગર સામાયિક મંડળનું સંચાલન કરે છે. કોરોના વાયરસનાં નાશ અને જેઓ કોરોનાગ્રસ્ત છે તેઓ જલ્દી સાજા થાય તે માટે ૧૦૦ થી વધુ મહિલાઓને માટે સામાયિક અને જાપ કરાવતાં. કેન્સર પેશન્ટ માટે તેઓને ટુંક સમયમાં જ રૂા. ૧,૧૭,૫૦૦ ભેગા કરવામાં સફળતા મળી હતી. સોશ્યલ મિડીયા આવડતું ન હતું પણ ધર્મ પ્રભાવના માટે તેમણે વૉટ્સએપ ખૂબ જ ટુંકાગાળામાં શીખી ધીર્મિક પ્રવૃત્તિ ચાલુ રખાવી જુલાઈથી હાલ સુધી આ સામાયિક મંડળ એ ૨૫૦ સામાયિક કરી છે અને નિયમિત સામાયિક કરનાર માટે તેઓએ દરેકને રૂા. ૨000ની પ્રભાવના પણ આપી જે માટે દાતાઓનો ખુબ સુંદર સહયોગ તેમને મળ્યોય પર્યુંષણમાં તેઓએ ૮ દિવસ ઓનલાઈન સ્નાત્ર પૂજા પણ શીખવેલ. આમ ઓનલાઈનસોશ્યલ મિડીયાના માધ્યમે અનેકોને ધર્મ કરાવનારા માયાબેન મારૂની અનેક લોકો ભુરી ભુરી અનુમોદના કરી રહ્યાં છે.




ભારતીય જનતા પાર્ટી
HAPPY REPUBLIC DAY
26 JANUARY
સૌને પ્રજાસત્તાક દિનની શુભકામના
૧૩મી એનીવર્સરીની
વોઈસ ઓફ ઘાટકોપરને શુભકામના
મનોજ કોટક
સાંસદ ઈશાન્ય મુંબઈ લોકસભા
ManojKotakBJP
Manoj_Kotak
9821163742

RNI Regn. No.MAHGUJ/2008/28113 • Postal Regn. No.MNE/413/2019-21 Published on every Friday, posted on Friday/Saturday at Ghatkopar West Post Office, Mumbai-400 086.

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

Email : voiceofghatkopar@gmail.com

9022279684 Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 14 ● અંક : 01 ● સળંગ અંક : 540 ● મુંબઈ ● શુક્રવાર ● તા.22 જાન્યુઆરી – 28 જાન્યુઆરી 2021 ● પાના : 40 ● કિંમત રૂ.4

GHATKOPAR EAST

Nav Vani
fair, fresh, friendly

Presenting
PRIME OFFICE SPACE IN THE HEART OF GHATKOPAR

Time to unlock fresh avenue for the ultra modern Offices & Residences at Vallabh BaugLane.

OC Received

Commercial:
Ground + 4 Storey
Exclusive entry. Separate stairs & Lift
Office from 503/608/767 sqft

✔ Modern 16 Storey Tower
✔ High Speed Elevators
✔ Ample Car Park
✔ Gym. ✔ Centrally Located



Marketed by

Prakash Kamdar ESTATE CONSULTANT
Arranging for the best NEST...Since 1982

A/7, Morar Baug, R. B. Mehta Marg, Ghatkopar (E) Mumbai - 400 077, Tel: 21021777-21022512 | pckrealtors@gmail.com
✆ Prakash Kamdar-98922 11170 ✆ Rajesh Gandhi-98211 38767
Maha Rera No. A51800003796 maharera.mahaonline.gov.in

Project by
GIRIRAJ
BUILDERS & DEVELOPERS

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com** • **RNI : MAHGUJ/2008/28113**